
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૯ મું.
અંક ૪ થો.

સંવત ૧૯૯૮
કાર્તિક.



આબુજીના જીનાલયનું દૃષ્ય.

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. નૂતન વર્ષાભિલાષઃ ... ... ... ... ... ... ( માસ્તર વિજયચંદ મો. શાહ ) ૭૭
૨. નૂતન વર્ષાભિનંદન ... ... ... ... ... ... ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) ૭૮
૩. કલિકાલસર્વજ્ઞ ... ... ... ... ... ... ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) ૮૦
૪. મૃત્યુ સમીક્ષા ... ... ... ... ... ... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૮૧
૫. દીપોત્સવી ... ... ... ... ... ... ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) ૮૧
૬. ખરુ સહુ કામ બાકી છે ... ... ... ... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૮૫
૭. ઉપદેશક પુષ્પો. ... ... .... ... ... ...( પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજ ) ૮૬
૮. સ્તવનત્રિકનો સાર ... ... ... ... ... ... ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) ૮૮
૯. સુભાષિત વચનામૃતો ... ... ... ... ... ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) ૯૦
૧૦. શ્રી મૃગાપુત્ર ચરિત્ર ... ... ... ... ( મુનિશ્રી પુણ્યવિજય : સંવિજ્ઞપાક્ષિક ) ૯૧
૧૧. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ... ... ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) ૯૪
૧૨. અમર આશા ... ... ... .... ... ... ... ( કનૈયાલાલ રાવળ બી. એ. ) ૯૫
૧૩. વર્તમાન સમાચાર. ... ( આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મજયંતિ ) ૯૭
૧૪. સ્વીકાર સમાલોચના. ... ... ... ... .... ... .... .... ... ... ૯૯


---


## શ્રી મહાવીર જીવનચરિત્ર.

### ( શ્રી ગુણચંદ્રગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ, મૂળ પ્રાકૃત ભાષામાં, વિસ્તારપૂર્વક સુંદર શૈલીમાં, આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવા પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૩–૦–૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

## નીચેના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથોની ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

(૧) વસુદેવ હિંડી પ્રથમ ભાગ રૂા. ૩–૮–૦
(૨) ,, દ્વિતીય ભાગ રૂા. ૩–૮–૦
(૩) બૃહત્કલ્પસૂત્ર ભા. ૧ લો રૂા. ૪–૦–૦
(૪) ,, ભા. ૨ જો રૂા. ૬–૦–૦
(૫) ,, ભા. ૩ જો રૂા. ૫–૮–૦
(૬) બૃહત્કલ્પસૂત્ર ભા. ૪ થો રૂા. ૬–૪–૦
(૭) ,, ભા. ૫ મો રૂા. ૫–૦–૦
(૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ રૂા. ૨–૦–૦
(૯) પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ ભા. ૨ જો રૂા. ૪–૦–૦

(૧૦) ત્રિષષ્ઠિશ્લાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ લું, પ્રતાકારે તથા બુકાકારે રૂા. ૧–૮–૦


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૯ મું : આત્મ- સં. ૪૬ : અંક : ૪ થો : વીર સં. ૨૪૬૮ : કાર્તિક : વિક્રમ સં. ૧૯૯૮ : નવેમ્બર :

## नूतन वर्षाभिलाषः ।

संकुर्वन्तं मलीनं सुहृदयहृदयं मूढतामानयन्तं,
सर्वेषां प्राणिनां तं चिरपरिचितमाहत्य मोहान्धकारम् ।
आत्मानन्दप्रकाशं ददतु शुभमिदं जैनधर्मप्रकाशं,
संसारे सर्वदैवैत्र खलु विजयचन्द्रस्य वाञ्छाऽस्ति चैका ॥ १ ॥

* * *

આત્માનન્દ પ્રકાશને હૃદયના ઉલ્લાસથી વાંચશે,
પામી જ્ઞાન સુચારુ પુદ્‌ગલથકી જે મોહને ત્યાગશે,
માનીને સુખ પુદ્‌ગલો કદિ નહીં આપી શકે સર્વથા,
સંસારે બહુ પામશે વિજય તે ચંદ્ર પ્રમાણે સદા ૧.

* * *

ऐसी हो यदि दुःखसे रहित होना हे जनो ! चाहना,
या तो हो अविनाशि श्रेष्ठ सुखके संयोगकी कामना ।
आत्मानन्द प्रकाशके पठनमें तो लग्न हो जाइये,
संसारे शुभ चन्द्रसा विजय भी सर्वत्र फिर पाइये ॥ १ ॥

मास्तर विजयचंद मोहनलाल शाह.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષાભિનંદન.

દોહરા.

ગુણીયલ મારા ગ્રાહકો, વિવેકી વાચકવૃંદ;
અઠ્ઠાણુમાં આ સભા, આપે "અભિનંદન". ૧

ભલે આવી મમ આંગણે, દિવાળીના મહેમાન;
રંગ–રૂપ ફિક્કાં દીસે, "અવસરનાં" એંધાણ. ૨

સમય-સમયના રંગ છે, તનમાં ન ધરીશ ત્રાસ;
એ દિન પણ ચાલ્યા જશે, સાખ પૂરે ઇતિહાસ. ૩

એક મંત્ર આપું તને, ધર્મ સદા સંભાળ;
સંરક્ષણ-સુખ આપશે, ધર્મની ધિંગી ઢાલ. ૪

હરિગીત છંદ.

શ્રી પત્રિકા સુપ્રભાતમાં, સજ્જનતણાં ઘર શોધજે,
આશિષ-અમૃત સિંચીને, સદ્ધર્મ સૂત્રો બોધજે;
પરમાત્મનું મંગળ સ્મરણ, એ આજ સ્વર્ગીય સાદ છે,
અઠ્ઠાણુના આરંભમાં, અંતરથી આશીર્વાદ છે. ૧

સુખ-દુઃખતણા ભંડાર કૈં, ઇશ્વર નથી ભરી રાખતો,
કર્માનુસારે સુખ–દુઃખોના, સ્વાદ પ્રાણી ચાખતો;
સત્કર્મ ને સદ્ધર્મ સેવો, એ જ નિર્મળ નાદ છે,
ભારતતણાં સંતાનને, મુજ હૃદય આશીર્વાદ છે. ૨

પુણ્યોથી જન્મે સત્કૃતિ, ને પાપમાંથી વિકૃતિ,
સૌ ધર્મનો સિધ્ધાન્ત એ છે, શાસ્ત્ર–પંડિતની મતિ;
રે! દોષ દેવો, દૈવને, એ તો વિતંડાવાદ છે,
મમ જન્મભૂમાં ધર્મ આપો, એ જ આશીર્વાદ છે. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુદા-જુદા ગ્રંથો જુઓ, જુદા-જુદા પંથો જુઓ,
ઉપરોકત **તત્ત્વ** હૃદે ગ્રહો, ખાલી વખત શાને ખુઓ ?
એ **સત્ય**ને સમજ્યા વિના, ફોકટ બધી ફરિયાદ છે,
જિનબન્ધુઓ ! એ સાર સમજો, એ જ **આશીર્વાદ** છે. ૪

રે ! જગતકાજી કાં થવું ?, નિજ દેહના કાજી બનો,
ક્ષણ-ક્ષણતણો હિસાબ ન્યાળો, આત્મનો એ સજ્જનો;
છે ધર્મનો જય, પાપનો ક્ષય, સૂત્ર મુજને યાદ છે,
એ સૂત્ર સૌ હૃદયે વસો, એ આજ **આશીર્વાદ** છે. ૫

ભરતીસમય સાગર વિષે, અદ્દભુત જળ ઉભરાય છે,
ને ઓટ થાતાં એ બધું જળ, એ જ સિન્ધુ સમાય છે;
એવી જ રીતે **વૈર-વંડો**, થાય છે ને જાય છે,
અકળિત કળા અવિનાશની, માનવથી શું સમજાય છે ?

વર્ષો ગયાં, હજીએ જશે, તેનો હિસાબ તપાસશો,
નિજ પાપપુણ્યની આરસી, દૃષ્ટિ સમિપે રાખશો;
છે જગત્, ન્યાયાધીશ તે, ચોખ્ખો હિસાબ જ માગશે,
ત્યાં વગ-વસીલો પદ્વી-પૈસો, કાંઇ કામ ન લાગશે.

દોહરો

**સતક** આ સદ્દબોધનું, આપે આશીર્વાદ;
યશ ધન ને આરોગ્ય હો, અઠ્ઠાણું આબાદ.

ભાવનગર-વડવા
સં. ૧૯૯૭ની દીપોત્સવી
તા૦ ૨૦-૧૦-૪૧
ચન્દ્રવાસર

લી૦ ગુણમકરંદનો શોધક ભ્રમર,
રેવાશંકર વાલજી બધેકા
નિવૃત્ત એજ્યુ. ઇન્સપેકટર-ધર્મોપદેશક,
સં. ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કલિકાલસર્વજ્ઞ.

રચયિતાઃ—મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.

(શાર્દૂલ૦)
સંવત્ વિક્રમનો હતો અતિ રૂડો, અગ્યાર પીસ્તાલીસ. (૧૧૪૫)
ચારુ મોઢ સુવંશમાં અવતર્યા કાર્તિકની પૂર્ણિમા;
પાહિની જનની કૂખે મણિ સમા ચાચિંગવમા રૂડા,
ધારી નામ શ્રી ચંગદેવ સુતનું માતાપિતા બે રીઝયાં. ૧

( મન્દાક્રાન્તા )
દીક્ષા ધારી શનિ દિન હતો માઘ શુક્લા ચતુર્થી,
પ્રેમે જેના ગુરુવર થઇ દેવચન્દ્રે વધાવ્યા;
સર્વે રીતે ગુરુ અતિ રીઝે શિષ્ય પામી સુપાત્ર,
હેમે જે જે પુનિત ગુણ સૌ દિવ્ય તે હેમચન્દ્રે. ૨

( શિખરિણી )
રચ્યાં કાવ્યો ન્યાયો, વિવિધ શુભ ગ્રંથો બહુમૂલા,
અનેરા સાહિત્યે સકલ મનુએ મુગ્ધ બનતા;
રચ્યાં યોગે ગ્રંથો જનહૃદયમાં આદર ધરે.
કરી સેવા ન્યારી ગુરજરધરાના કવિવરે. ૩

( વસંત૦ ) પ્રત્યેક ! ગ્રંથ ધરતો શુભ સાક્ષરત્વ,
ને સર્વમાં કુશલ કો નર હોય ભાગ્યે;
આચાર્ય હેમ સહુમાં નિપુણત્વ ધારે,
પ્રત્યેક ગુર્જર જનો હૃદયે વિચારે. ૪

( દ્રુતવિલંબિત ) અતુલ ઓજસ એ ઉપદેશમાં,
પરમ સુંદરતા સહુ સ્તોત્રમાં,
સકલ કાવ્ય વિષે વિમલા પ્રભા,
પ્રબલ કાવ્યકલા ગુરુની શુભા. ૫

( અનુષ્ટુપ )
જનો જન્મ્યા ઘણા દેશે એક શાસ્ત્રે જ પૂર્ણ જે,
સર્વ શાસ્ત્રે લખ્યું જેણે શ્રી હેમચન્દ્રાચાર્ય એ. ૬
નાગપુરે બન્યા સૂરિ અગ્યારસો છાસઠમાં (૧૧૬૬)
સ્વર્ગપંથે સિધાવ્યા તે બારસો ઓગણત્રીશે (૧૨૨૯) ૭
વર્ષ ગાળ્યાં વસુધામાં ચોરાશી નિજ જીવને,
શતપ્રબંધના કર્તા શિષ્ય રામચંદ્ર સમા. ૮
બિરુદ પામીયા શ્રેષ્ઠ કલિકાલસર્વજ્ઞનું,
ધન્ય! સૂરિ! કીધું કાર્ય મુક્તિદા અમરત્વનું. ૯
સ્વામી ! સંસ્કારના દાતા ! સૂરિ ! અજિત રૂપ છો,
દાસ **હેમેન્દ્રના** હૈયે સર્વ કાલે અનુપ છો. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૃત્યુ સમીક્ષા

લેખક.
આ.શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

**આ** શબ્દ કેટલો ભયંકર છે ? મૃત્યુનું નામ સાંભળતાં જ ગાત્ર શિથિલ થઇ જાય છે; ઉદ્વેગ ઉભરાય છે; બેચેની છવાય છે; ધન સંપત્તિ ભૂલાય છે; અભિમાન ઘવાય છે; વિષયવિકારથી વિરક્ત થવાય છે અને જગત અંધકારમય થાય છે. સાજોતાજો માણસ હોય, જેના નખમાં પણ રોગ ન હોય, તેને કોઇ પ્રસિધ્ધ અનુભવી ડોકટર કે વૈદ્ય શરીરની ચિકિત્સા કરીને કહે કે તમે ચાર કલાકમાં મરી જશો, તો તેને જેટલું દુઃખ થશે તેટલું દુઃખ ચર્માસ્થિ અવશિષ્ટ રહી ગયેલા, પાંચ વર્ષથી માંદા, શય્યાશાયી થયેલા પણ જીવવાને માટે વૈદ્યથી ખાત્રી અપાયલાને નહી થાય.

માનવી મૃત્યુથી ભય પામે છે તે મૃત્યુની વેદનાના સ્મરણથી નહી; પણ સંસ્કારથી અર્થાત્ અનંતા મરણમાં અનુભવેલી વેદનાનો જીવનકાળમાં જીવને અનુભવ હોતો નથી, પણ સંસ્કાર માત્ર હોય છે, જેથી કરીને જીવને મૃત્યુનો ભય લાગ્યા કરે છે. મૃત્યુ અવસ્થામાં થવાવાળી વેદનાનો અનુભવ તો મરનારને જ થાય છે; પણ તે વેદનાને કહેવાને માટે કોઇપણ પાછું આવતું નથી અને મરીને જે પાછા આવે છે તે મરણ સમયે અનુભવેલી વેદનાને કહી શકતા નથી; કારણ કે જે દેહમાં મરણની વેદનાનો અનુભવ થયેલો હોય છે તે દેહનો ત્યાગ કરીને જીવે બીજો દેહ ધારણ કરેલો હોવાથી વેદનાની વિસ્મૃતિ થઇ જાય છે. કેવળ મૃત્યુની વેદનાનું વિસ્મરણ થાય છે; એટલું જ નહીં પણ તે દેહના જીવનકાળમાં અનુભવેલાં સુખ-દુઃખ, આપત્તિ-વિપત્તિ તેમજ બીજા પણ અનેક પ્રકારના અનુભવોનું વિસ્મરણ થઇ જાય છે.

જ્યાં સુધી જીવ કર્મોથી ઘેરાયેલો છે ત્યાં

# દીપોત્સવી.

☆ ☆ ☆ ☆ ☆

( આ તો લાખેણી લજ્જા કહેવાય... )

જ્ઞાન-દીપકથી હૈયું અજવાળ, આવી દિવાળી,
વીર-સ્મરણે અંધારું તુજ ટાળ, આવી દિવાળી.
ટેક

દેવ માનવ ભાવે જેના ચરણે નમે,
એવા મહાવીર પ્રભુજી કોને ના ગમે ?
તેના સ્મરણે કર્મો તારાં બાળ, આવી દિવાળી
જ્ઞાન. ૧

પ્રતિગૃહે દીપકકેરી જ્યોતિ જલે,
હર્ષનાદો રૂડા સર્વસ્થાને મળે,
દીપે દીપે મહાવીર ભાળ, આવી દિવાળી.
જ્ઞાન. ૨

પાવાપુરી-દીપોત્સવને હૈયે સ્મરો,
જ્ઞાની ગૌતમની લબ્ધિ ભવિ સૌ વરો,
વીરકેરી આજ્ઞાઓને પાળ, આવી દિવાળી.
જ્ઞાન. ૩

દેવ સ્વર્ગે દીપોત્સવ હોંશે ઉજવે,
વીરગીતો ભૂમિ પર માનવ ગજવે,
પ્રભુ મહાવીરમાં વૃત્તિ વાળ, આવી દિવાળી.
જ્ઞાન. ૪

બુધ્ધિ યોજો અજિતપદ લેવા વીરે,
ગાજે ચોરાશીના ગૂઢ ફેરા શિરે,
મુનિ હેમેન્દ્ર જીવન ઉજાળ, આવી દિવાળી.
જ્ઞાન. ૫

રચયિતાઃ—
મુનિ હેમેન્દ્રસાગરજી-પ્રાંતિજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી પરાધીનતાને લઇને પૌદ્ગલિક વસ્તુઓની સહાયતા સિવાય કાંઇ પણ કરી શકતો નથી. જાણવું-જ્ઞાન એ પોતાનો જ સ્વભાવ હોવા છતાં પણ પૌદ્ગલિક ચક્ષુ આદિ ઇંદ્રિયોની સહાયતા સિવાય જ્ઞાન કરી શકતો નથી. સુખ અને આનંદ પણ પોતાના જ સ્વભાવો છે તો પણ તેને મેળવવાને જીવને જડ વસ્તુની જરૂરત પડે છે. જો કે જડદ્વારા મેળવેલા જ્ઞાન, સુખ અને આનંદ અવાસ્તવિક છે, તો પણ જાણવું-વેદવું પોતાનો સ્વભાવ હોવાથી કર્મના આવરણ નીચે દબાયેલો હોવા છતાં પણ અવાસ્તવિક જાણે છે-વેદે છે. પૌદ્ગલિક વસ્તુઓના સંસર્ગમાત્રનો અનુભવ કરે છે, જીવને પૌદ્ગલિક વસ્તુઓદ્વારા અનુભવ કરવાનું મુખ્ય સાધન શરીર છે. શુભાશુભ કર્મનો અનુભવ શરીરમાં જ કરી શકે છે. જ્યાં સુધી સંપૂર્ણ વિકાસ થતો નથી ત્યાં સુધી આત્મા શરીરશૂન્ય રહી શકતો નથી. સંસારમાંથી છૂટી જઇને મુક્તિ મેળવે નહિ ત્યાં સુધીમાં અનંતા શરીરો ધારણ કરે છે અને તે બધાંયે ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે, અને એટલા માટે જ એક શરીરમાં અનુભવેલું બીજા ભિન્ન શરીરમાં વિશિષ્ટ જ્ઞાન સિવાય સાંભરતું નથી, જેથી કરીને કોઈ પણ જીવ પોતે અનુભવેલી મૃત્યુની વેદના ભિન્ન શરીરમાં હોવાથી કહી શકતો નથી. જીવ જે જીવનમાં જીવતો હોય તેમાં તેને આધિ, વ્યાધી, આપત્તિ, વિપત્તિ આદિનો અનેક વખત અનુભવ થયેલો હોવાથી તે સંબંધી વેદનાઓનો સાંભળતાંની સાથે જ સાચી રીતે સાક્ષાત્કાર થઇ જાય છે અને અતિશય ઉદ્વેગવાળો થાય છે; પણ શાસ્ત્રમાં કરેલી મૃત્યુની વેદના સાંભળવાથી સાક્ષાત્કાર તો થતો નથી, પરંતુ સંસ્કારોને લઇને વેદના સંબંધી અસત્કલ્પના કરીને ભય પામે છે.

પ્રાણી માત્ર જાણે છે કે મૃત્યુ અવશ્ય થવાનું જ છે છતાં પૌદ્ગલિક વસ્તુઓની મમતાને લઇને મરણથી ભય પામે છે. પુન્ય કર્મના બલથી જેમની પાસે લાખ્ખોની, કરોડોની મિલકત હોય, અને પૌદ્ગલિક સુખનાં સાધન સ્ત્રીઓ, બાગ, બંગલા, મોટર, નોકર, ચાકર વિગેરે હોય અને જો તેઓ તાત્ત્વિક જ્ઞાનશૂન્ય હોય તો અજ્ઞાનતાથી ધર્મ-કર્મ ભૂલાવીને વિષયોમાં ચોવીસે કલાક લીન રહેતા હોવાથી તેમને મૃત્યુ સમયે ધનસંપત્તિ રહિત સાધારણ મનુષ્યો કરતાં બમણી વેદના થાય છે, કારણ કે બાહ્ય સંપત્તિ વગરના સાધારણ જીવોને તો કેવળ શરીરની મમતા હોવાથી શરીર માત્ર છોડવાની વેદના થાય છે, પણ પૌદ્ગલિક સુખના સાધનરૂપ બાહ્ય સંપત્તિ જેમની પાસે હોય છે તેમને તો દેહની અને બાહ્ય સંપત્તિની બેવડી મમતા હોવાથી દેહ અને સંપત્તિ બન્ને છોડતાં બેવડું દુઃખ થાય છે.

આયુષ્ય કર્મ ક્ષય થવાથી દેહનું છૂટી જવું તે મરણ કહેવાય છે અને તે જીવને ગમતું નથી, કારણ કે જીવને દેહ છોડવો ગમતો નથી અને એટલા માટે જ જીવ મરણનું નામ સાંભળીને ભય પામે છે. જીવને હું દેહથી સર્વથા ભિન્ન છું, દેહનો ધર્મ અને મારો ધર્મ સર્વથા ભિન્ન છે ઇત્યાદિ શરીર અને પોતાના ભેદસ્વરૂપનો સ્પષ્ટ બોધ હોતો નથી પણ હું દેહ-સ્વરૂપ છું એવી શ્રદ્ધા હોય છે, જેને લઇને ચોવીશે કલાક દેહની સેવામાં બન્યો રહે છે. શરીરની આકૃતિ, સંઘયણ, સંસ્થાન કે રૂપ સારું ન હોય તો મનમાં ખેદ પામે છે, શરીર નિર્બળ હોય તો સબળ બનાવવા પ્રયાસ કરે છે, સુકાઇ ગયું હોય તો પુષ્ટ બનાવવા મથે છે અને અનેક જીવોનો વિનાશ કરીને પણ શરીરને સાચવવા ઉદ્યમવાળો રહે છે.

પ્રાણીઓને બાહ્ય સંપત્તિ કરતાં પણ શરીર ઉપર વધારે મમતા હોય છે. તીવ્રતર લોભના અપવાદ સિવાય પ્રસંગ પડે શરીર બચાવવાને બાહ્યની સઘળીએ સંપત્તિને જતી કરે છે, કોઇ બળાત્કારે શરીર છોડવવા પ્રયાસ તો દૂર રહ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ભાવના માત્ર રાખે તો પણ તેના પૂર્ણ દ્વેષી થાય છે. દ્રવ્યહરણ કરવામાં તેટલું દુઃખ થતું નથી કે જેટલું પ્રાણહરણ કરવામાં થાય છે.

જીવને બાહ્ય સંપત્તિ કરતાં શરીર ઉપર વધારે મમતા હોવાનું કારણ માત્ર એટલું જ છે કે શરીરની સાથે ઓતપ્રોત થઇને અવતરે છે અને દ્રવ્યાદિ બાહ્ય સંપત્તિઓ પાછળથી પ્રાપ્ત થાય છે. જેમ એક જ જીવનમાં બાહ્ય સંપત્તિનો અનેક વખત સંયોગવિયોગ થાય છે તેમ દેહનો અનેક વખત સંયોગવિયોગ થતો નથી. દેહનો એક વખત પણ વિયોગ થાય તો ફરીને તે જ દેહનો સંયોગ થતો નથી, તેમજ દેહનો વિયોગ થવાથી જીવન તથા બાહ્ય સંપત્તિનો પણ વિયોગ થઇ જાય છે; પણ બાહ્ય સંપત્તિનો વિયોગ થવાથી દેહ તથા જીવનનો વિયોગ થતો નથી. અને એટલા માટે જ જીવને દેહ ઉપર વધારે મમતા હોવાથી તેનો છુટી જવાનો મોટો ભય રહે છે.

મૃત્યુને કાળ અથવા તો ક્ષેત્રનો પ્રતિબંધ નથી, ગમે તે કાળે અને ગમે તે સ્થળે આવી શકે છે. મૃત્યુ આવ્યા પછી એક ક્ષણ પણ વિલંબ કરતું નથી; અધૂરાં કાર્ય પૂરાં કરવા દેતું નથી; સગાંસંબંધીને મળવા દેતું નથી; પ્રમાદવશ થયેલા અવ્યવસ્થિત જીવનને વ્યવસ્થિત કરવા દેતું નથી અને જીવને સીધો પરલોકના પંથે પ્રયાણ કરાવી દે છે. રસ્તામાં ચાલ્યા જતા હોઇએ; અનેક પ્રકારની આશા-તૃષ્ણાઓના ઉભરાઓ ઉપરાઉપરા આવી રહ્યા હોય, ઉત્તરોત્તર અનેક કાર્યો સિધ્ધ થવાની સંપૂર્ણ ખાતરીથી આનંદ તથા હર્ષ હૃદયમાં સમાતો ન હોય એવે સમયે અને એવે સ્થળે જેમ બાજપક્ષી ચકલાને ઉપાડીને લઇ જાય છે તેમ મૃત્યુ જીવને ઝડપથી લઇ જાય છે કે તરત જ માનવીની સંકલ્પસૃષ્ટિનો પ્રલય થઇ જાય છે.

લાખો-કરોડોની જંગમ-સ્થાવર મિલકત હોય, સ્ત્રી, પુત્ર-પુત્રી, કાકા-ભત્રિજા, માતા-પિતા, ભાઇ-ભગિની આદિ બહોળું કુટુંબ હોય; ઘરથી પેઢીસુધી પણ પગપાળા ન જવું પડતું હોય; પાંચ દશ દાસ-દાસીઓ પડતો બોલ ઝીલી લેવા હરવખત હાજર ઉભા જ હોય, એવા લૌકિક દૃષ્ટિએ કહેવાતાં પાંચ સાત શ્રીમંતો સ્વસંપત્તિના ગર્વમાં ચકચૂર બનીને આનંદથી મોટરમાં બેસીને લટાર મારવા નિકળી પડયા હોય અને કોઇ એક ઉપવનમાં વૃક્ષોની ઘટામાં અનેક પ્રકારની ક્રીડામાં સ્વર્ગીય સુખ અનુભવી રહ્યા હોય, એવામાં મૃત્યુ આવીને જીવનદીપક બુઝાવી નાંખે છે અને સઘળુંયે અંધકારમય થઇ જાય છે, સંપત્તિ, કુટુંબ કે સ્વર્ગીય સુખમાંથી તેમની પાસે અંશ માત્ર પણ અવશિષ્ટ રહેતું નથી.

મમતાળુ માનવી અજ્ઞાનતાને લઇને મોતની કળાને કળી શકતો નથી, મોતના કાવાદાવા સમજી શકતો નથી અને ઘણી જ રાજીખુશીથી મોતને મળવા તેની બતાવેલી દિશામાં પ્રયાણ કરે છે અર્થાત વિષયાસક્ત બનીને હદ ઉપરાંત વિષય સેવે છે. ક્રોધના આવેશમાં ખુન કરે છે, અથવા તો કૂવોહવાડો કરે છે, માનના આવેશથી અનેક દુશ્મનો ઉભા કરે છે, માયાને વશ થઇને અનેક ખટપટો કરીને અને વિશ્વાસઘાત કરીને અનેકનો દ્રોહી બને છે, લોભમાં વશ થઇને સમુદ્ર તથા મહાન અટવીઓ ઓળંગે છે. આ પ્રમાણે મૃત્યુની દિશામાં પ્રયાણ કરવાથી પરિણામે મૃત્યુ જીવન સર્વસ્વ ઝુંટવી લે છે જેથી કરીને જીવનથી દરિદ્રી થયેલો માનવી પરલોકમાં પ્રયાણ કરી જાય છે.

ધનસંપત્તિ, કુટુંબપરિવારની ગવોંબ્માથી હુંફાળો થયેલો માનવ બધુંયે કાંઇ સાથે લઇને ફરતો નથી. સાથે તો ફકત શરીર ઉપર બેચાર વસ્ત્રો કે બેચાર ઘરેણાં અને એથી ય વધારે ગણીયે તો ખીસામાં બસો, પાંચસો કે હજારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાણાં. બાકીની સંપત્તિ તો જ્યાંની ત્યાં પડેલી જ રહે છે. કેવલ સંપત્તિનું અભિમાન જ પોતાની સાથે રાખે છે અને મનમાં મમતાના ઉભરાથી પોતાને સુખમાં નિમગ્ન જુએ છે. આવો માનવી નાટકસિનેમા જોવા બેઠેલો હોય છે, નાટકસિનેમામાં શૃંગારરસપૂર્ણ દૃશ્ય જુએ છે, કામવાસનાથી વાસિત હૃદયે દૃશ્ય પ્રમાણે ઘેર જઇને વર્તવા મનસુબો કરે છે; કામેચ્છા શીઘ્ર પૂર્ણ કરવાની હોંશ અત્યંત આતુર બનાવી દે છે અને નાટકસિનેમાની પૂર્ણાહુતિ થતાંની સાથે જ ઉતાવળમાં નાટ્યશાળાના દરવાજા બહાર નિકળે છે કે તરત જ ઠોકર વાગે છે અને મૃત્યુ જીવન ઝુંટવી લઇને પલાયન કરી જાય છે કે તત્કાળ હોંશના વાદળ વિખરાઈ જાય છે અને બધું યે હતું ન હતું થઇ જાય છે.

સંપત્તિની કે રાજ્ય શાસનની સત્તાથી સત્વહીન થઇને બીજાને કનડવામાં જ સત્તાની સાર્થકતા સમજનાર સત્તાંધ માનવી, અનાથ–અસહાય અને નિર્દોષ પ્રાણીઓને સતાવીને તેમના સુખી જીવનમાં વિઘ્ન ઉપસ્થિત કરી રહ્યો હોય, જીવનનિર્વાહ નષ્ટ કરવાની આશંકાથી ભયભીત બનેલા અનેક જીવોના નમ્ર નમન તથા આજીજીઓ મેળવવા છતાં તેમના તરફ કરડી નજરથી નિહાળી રહ્યો હોય; સત્તા–મદના ઘેનમાં યદ્વા તદ્વા માર્મિક વચનોની વૃષ્ટિ કરીને ઉદ્વેગ તથા ભયના શીતથી કંપાવી રહ્યો હોય, મૃત્યુને વિસારીને તુચ્છ ધનના લોભથી બીજા જીવો કે મરો તેની પણ પરવા ન રાખીને તેમની પાસેથી રક્તની જેમ ધનને ચૂસી રહ્યો હોય, એટલામાં મૃત્યુ આવીને તેનું પ્રાણધન હરી લે છે કે જેથી કરીને તેને અગ્નિનું શરણ લેવું પડે છે અને છેવટે રાખ ભેગું ભળવું પડે છે.

કહેવાતા વિદ્વાન પંડિત કે સાક્ષર, ઓળખતા વૈદ્ય કે ડોકટર, અને પૂછાતા વકીલ કે બેરિસ્ટર કોઇ ધનને માટે તો કોઇ કામ લાલસાને માટે, કોઇ માનપ્રતિષ્ઠાને માટે તો કોઇ પોતાની બુધ્ધિમત્તા તથા ડહાપણ બતાવવાને માટે, કોઇ પ્રસિધ્ધિને માટે તો કોઇ તુચ્છ સ્વાર્થ સાધવાને માટે છળ-પ્રપંચ કરી અનેક પ્રકારના કાવાદાવા કરી રહ્યા હોય; અસત્ય તથા અનીતિના આશ્રય તળે આનંદ મનાવી રહ્યા હોય; વિશ્વાસુઓના વિશ્વાસઘાત કરીને અછતા ગુણોની શ્રધ્ધા બેસાડવા આડંબરની જાળ પાથરી રહ્યા હોય; જાણે મોત પોતાને ઓળખતું જ નથી એમ સમજીને જ કર્તવ્યાકર્તવ્યની ઉપેક્ષા કરી રહ્યા હોય, એવાઓની સન્મુખ મૃત્યુ જ્યારે ડોળા કાઢીને ઘુરકાવતું ઊભું રહે છે ત્યારે એકદમ તેમનું શરીર ઠંડું થઇ જાય છે અને આંખો મીંચીને અસહ્ય વેદના સહન ન થવાથી તડફડીયાં મારતા દેહનો ત્યાગ કરીને ચાલતા થાય છે.

માનવી મૃત્યુને હાંકી કહાડવાને મૃત્યુના દાસ બનેલાની સહાય તથા સલાહ લે છે. ત્યારે તેઓ એ જ સલાહ આપે છે કે જ્યારે મૃત્યુ તમારા જીવનમાં ઉપદ્રવ કરવાની શરૂઆત કરે કે તરત જ તમારે બીજા ક્ષુદ્ર જીવોના જીવન મૃત્યુને અર્પણ કરી દેવાં, જેથી કરીને તે તમારા જીવનને જરા ય ઇજા પહોંચાડશે નહિ. આ પ્રમાણે તેઓ સલાહકાર થાય છે; એટલું જ નહીં પણ બીજાને મોતથી બચાવવાને અને પોતે પણ મોતથી બચવાને તેમજ તેનો પરાજય કરવાને અનેક જીવોને મૃત્યુના મોમાં હડસેલીને અખતરાઓ કરે છે, છતાં છેવટે અત્યંત શીઘ્રતાથી મૃત્યુ તેમનો કોળીઓ કર્યા સિવાય રહેતું નથી, કારણ કે અનેક જીવોના જીવનનું ભક્ષણ કરવાથી મૃત્યુ નિર્બળ બનવાને બદલે અત્યંત સબળ થાય છે. તેમજ જીવન ભક્ષણ કરવાને ટેવાઇ ગયેલું હોવાથી અન્યના જીવન આપનારના જ જીવનને ભક્ષણ કરી જાય છે. મૃત્યુનો પરાજય કરીને તેના દાસત્વમાંથી છૂટવાને માટે મૃત્યુનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરાજય કરીને સર્વથા સ્વતંત્ર બનેલાં શુધ્ધાત્માઓની સલાહ લઇને તેમના બતાવેલા માર્ગે ચાલવાની અત્યંત આવશ્યકતા છે. આવા મૃત્યુથી મુક્ત મેળવીને સ્વતંત્ર બનેલા મહાપુરુષો, મૃત્યુને નિર્બળ બનાવી પરાસ્ત કરવાની ભાવનાવાળા અર્થાત શાશ્વતું જીવન મેળવવાની ઇચ્છાવાળા પ્રાણીઓને વારંવાર ભાર દઇને જણાવે છે કે જો તમારે મૃત્યુને નિર્બળ બનાવવું હોય તો પુદ્દગલાનંદીપણું છોડીને આત્માનંદી બનો. જયાં સુધી તમે પુદ્દગલાનંદી હશો ત્યાં સુધી તમને પાંચે ઇંદ્રિયોના વિષયોને પોષી આનંદ મેળવવાને માટે અન્ય જીવોના જીવનમૃત્યુને અર્પણ કરવાની અત્યંત આવશ્યકતા રહેશે, કારણ કે તે સિવાય જીવોએ ગ્રહણ કરેલા શરીરરૂપ પુદ્દગલો તમે મેળવી શકશો નહીં, અને પુદ્દગલો મેળવ્યા સિવાય વૈષયિક આનંદ પણ મેળવી શકશો નહીં. આ પ્રમાણે કરવાથી મૃત્યુ સબળ બનીને તમારું જીવન પણ ભક્ષણ કરી જશે; એટલું જ નહીં પણ પોતાના તુચ્છ વૈષયિક સુખો માટે તમે જેટલા જીવોના શરીરોનો ઉપયોગ કર્યો હશે તેટલા શરીરો બીજા જીવોના પૌદ્દગલિક સુખના ઉપયોગ માટે તમારી પાસેથી લઇને તેમને આપશે, અને તમારે પણ તેટલા શરીર ધારણ કરીને આપવા પડશે. અને આ પ્રમાણે કરવાથી તમે કોઈ પણ કાળે મૃત્યુથી મુક્ત થઇને શાશ્વતું જીવન મેળવી શકશો નહીં, અને મૃત્યુનો ભય સદાને માટે તમારો સાથી રહેવાનો જ, માટે તુચ્છ, અસાર, કૃત્રિમ વૈષયિક આનંદ તથા સુખની તૃષ્ણા ત્યાગીને કોઇ પણ જીવના જીવનને મૃત્યુને ન આપવું કે જેથી કરીને મૃત્યુ સર્વથા નિર્બળ બની જશે અને તમારા શાશ્વતા જીવનનો વિકાસ થવાથી મૃત્યુ તમારી પાસેથી હંમેશના માટે વિદાય થઇ જશે.

## ' ખરુ સહુ કામ બાકી છે ' ( કવ્વાલી )

બેઠા છો કેમ થઇ નવરા, તમે જાણે તજી ચિંતા;
પરંતુ ધ્યાનમાં છે કે, ખરુ સહુ કામ બાકી છે. ૧
કરી ધંધા બહુ અવળા, ગુમાવી દ્રવ્ય પોતાનું;
કરોડો મેળવ્યા છે પણ, ... ખરુ૦ ૨
ક્ષમા ને નમ્રતા ખોયા, ક્રોધ ને માન સંઘરીને;
બતાવો શું તમે કીધું ? ... ખરુ૦ ૩
વિવાહાદિ ઘણા કામો, કરી સંસારના હોંશે;
ભલે સંતોષ માનો પણ, ... ખરુ૦ ૪
સિનેમા નાટકો જોયા, સેંકડો રૂપીયા ખરચી;
તમારું શું સર્યું તેથી ? ... ખરુ૦ ૫
બની વિદ્વાન્ લોકોને, રીઝાવીને થયા રાજી;
પરંતુ એથીએ અળગું, ... ખરુ૦ ૬
બંધાવ્યા મહેલ મેડીયો, વસાવ્યાં શોખનાં સાધન;
ખુશી શું થાઓ છો મનમાં ? ... ખરુ૦ ૭
વિવિધ દેશો નિહાળીને, અનુભવ મેળવ્યો બહોળો;
પરંતુ આત્મ અનુભવનું, ... ખરુ૦ ૮

આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સં:-પંન્યાસશ્રી સમુદ્રવિજયજી મહારાજ.

# ઉપદેશક પુષ્પો.

( ગતાંક પૃષ્ઠ ૬૩ થી શરૂ )

એ પ્રમાણે અનાદિકાળથી લાગેલ કર્મરૂપ મહારોગ અલ્પ રીતે કહી બતાવ્યો. અપ્રમાદી સજ્જનોએ શુદ્ધ ધ્યાનરૂપ ઔષધથી તેને નાબૂદ કરવો. તે શુદ્ધ ધ્યાન પણ સંતોષમાં રસિકજનો વિષયકષાયનો ત્યાગ કરવાથી પામી શકે છે; કારણ કે તે સુખનું બીજ છે. સુવાક્ય કરતાં બીજું વશીકરણ નથી, કળા કરતાં બીજું ધન નથી; અહિંસા કરતાં બીજો ધર્મ નથી અને સંતોષ કરતાં બીજું સુખ નથી. ખાસ સેવનીય એવા તે સંતોષની પણ જનની (માતા) તો વિરતિ છે. તે વિરતિને કેવલી ભગવંતોએ સર્વથકી અને દેશથકી એમ બે પ્રકારે કહી છે; માટે એ વિરતિમાં બુદ્ધિમાન્ સુખાર્થી સજ્જનોએ પ્રશસ્ત કૃત્યોમાં મહાવિઘ્નરૂપ પ્રમાદ તો ન જ કરવો. કરોડો રત્નો આપતાં પણ આયુષની એક ક્ષણ ન મળે તો માણસો પ્રમાદરૂપ રજથી તે કેમ હારી જાય છે ? ”

* * * * *

“ અહો ! પરસ્ત્રી તે કોહી ગયેલ અન્નની માફક શાંતિ આપતી નથી, પુણ્યને હરે છે અને પાતકને વધારે છે. પરસ્ત્રીના આલિંગનથી જે સુખની આશા રાખવી તે શીતળ જળથી સ્નાન કરતાં જ્વરદાહને દૂર કરવા બરાબર છે. પરસ્ત્રી, રાત્રિની જેમ અપયશરૂપ અંધકારને આપે છે અને જેમણે સન્માર્ગ જોયેલ નથી એવા પુરુષોને નરકરૂપ ખાડામાં નાંખે છે. બંધનદોર તરફ જતા હાથીઓની જેમ પરસ્ત્રી તરફ જતા કયા મદાંધ પુરુષો ઘાત, ધિક્કાર, બંધ અને પીડા જાણતા નથી? માટે પુણ્યની પુષ્ટિને માટે રસાયન સમાન તથા ગુણરૂપ હાથીને મહાઅટવી તુલ્ય એવો સ્વદારાસંતોષ તે પુરુષોએ સદા સેવવો જોઇએ. ”

* * * * *

“ચંદ્ર વિના રાત્રિ તેમ પતિ વિના રામા (રમણી) શોચનીય થઇ પડે છે. ચારિત્રરહિત જેમ જ્ઞાનલક્ષ્મી ન શોભે તેમ રમણી રમણીય છતાં તે રમણ (પતિ) વિના શોભતી નથી. ભર્ત્તા વિનાની સ્ત્રી પિતાને ઘરે તૃણ કરતાં પણ હલકી લાગે છે અને ભોજાઇઓ તેને મુંડી (રાંડ) એમ કહી હલકી રીતે બોલાવે છે. કલાહીન પુરુષ, જ્વાલારહિત અગ્નિ, જલહીન નદી અને પતિ વિનાની સ્ત્રી એ ચારે કયાંય પણ સન્માન પામતા નથી; નાથ વિનાની સ્ત્રીઓને બંધુ પણ પરાભવ પમાડે છે. ”

* * * * *

“अभियुक्तिशुक्तिमुक्तागुणगणयुक्ताः श्रयन् कलाः सकलाः ।
उपलभरविपुलभारैः किमलंकारैः कृती कुरुते ॥१
फलमविकलदुर्जपजपदुस्तपतपसोर्यद्सर्जयन्ति जनाः ।
तत्कृतये निजयुवतिषु सुकृतकृतः सन्तु संतुष्टाः॥२

ઉદ્યમરૂપ છીંપના મોતીરૂપ ગુણસમૂહ યુક્ત સમસ્ત કળાઓને મેળવનાર એવા કુશળ પુરુષને પત્થર સમાન બોજારૂપ અલંકારોનું શું પ્રયોજન છે? નિશ્ચલ અને દુષ્કર જપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા દુષ્કર તપના જે ફળને લોકો પામે છે તેવું ફળ મેળવવાને ધર્મીજનો સ્વદારામાં સંતુષ્ટ રહો. ”

* * * *

**શ્રાવકની ૧૧ પ્રતિમાના નામ–**

“ સમ્યક્ત્વમાં નિરતિચાર રહીને ગૃહસ્થ એક માસ સુધી ત્રિકાલ પૂજા કરે તે દર્શન-પ્રતિમા. ॥ ૧ ॥

શુદ્ધ અણુવ્રતોને પાળતા પૂર્વક્રિયા સહિત (સમ્યક્ત્વ સહિત) ગૃહસ્થની બે માસની બીજી વ્રતપ્રતિમા. ॥ ૨ ॥

પ્રથમની ક્રિયા સહિત શ્રાવક ત્રણ માસ સુધી બંને સંધ્યાએ સામાયિક કરે તે ત્રીજી સામાયિકપ્રતિમા. ॥ ૩ ॥

પૂર્વની ક્રિયા સહિત શ્રાવક ચાર માસ સુધી મહિને ચાર પર્વો ચતુર્વિધિ પૌષધ કરે તે ચોથી પૌષધપ્રતિમા. ॥૪॥

શુદ્ધ આશયથી સ્નાન તજી, પ્રાસુક ભોજન લેતાં શ્રાવક દિવસે બ્રહ્મચારી રહે, રાત્રે સ્વદારામાં નિયમ રાખે, પૌષધમાં રહી ચાર પર્વો એક રાત્રિની પ્રતિમા પાંચ માસ સેવે એ પાંચમી પ્રતિમા. ॥ ૫ ॥

પૂર્વે કહેલ વિધિથી છ મહિના બ્રહ્મચારી રહે તે છઠ્ઠી પ્રતિમા. ॥ ૭ ॥

સાત માસ સમસ્ત સચિતનો ત્યાગ કરે તે સાતમી પ્રતિમા. ॥ ૭ ॥

આઠ માસ પોતે આરંભનો ત્યાગ કરે તે આઠમી પ્રતિમા. ॥ ૮ ॥

નવ માસ બીજાઓ પાસે પણ આરંભ ન કરાવે તે નવમી પ્રતિમા. ॥ ૯ ॥

ઉદ્દેશીને કરેલ આહારનો ત્યાગ કરે, ધનને તજે, શ્રાવક માથે શિખા રખાવે એમ દશ માસ મુંડન કરાવનારની જેમ રહે તે દશમી પ્રતિમા. ॥ ૧૦ ॥

જેમ અગ્યાર માસ લોચ અથવા મુંડન કરાવી રજોહરણ અને પાત્ર ધારણ કરી “અગ્યારમી પ્રતિમાને ધારણ કરનાર એવા મને કંઇ ભિક્ષા આપો” એમ કહીને પોતાના બંધુવર્ગમાં વિચરે તે અગ્યારમી પ્રતિમા. ॥ ૧૧ ॥ ”

* * * * *

“પંચમી, ષષ્ઠી, અષ્ટમી, નવમી, ચતુર્દશી, અને અમાવસ્યા, એ તિથિઓમાં સર્પ દશે તો મરણ નિપજે. વળી રવિ, મંગળ અને શનિવાર એ ત્રણ વાર તેમજ પ્રભાતની સંધ્યા, અસ્તસંધ્યા અને સંક્રાંતિસમય હોય તો મરણ ઉપજાવે, તથા ભરણી, કૃતિકા, અશ્લેષા, વિશાખા, મૂલ, અશ્વિની, રોહિણી, આર્દ્રા, મઘા અને પૂર્વાત્રય એટલે પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, અને પૂર્વાભાદ્રપદ એ નક્ષત્રોમાં સર્પ દશે તો મરણ નીપજે. જો રક્ત સહિત ચાર પ્રકારના દંશ (ડંખ) પાણી ઝરતા જોવામાં આવે તો મરણ નીપજે. જો દંશ રક્ત સહિત એક છિદ્રયુક્ત કાકપદની આકૃતિ સમાન, શુષ્ક શ્યામ અને ત્રણ રેખાયુક્ત હોય તો જરૂર મરણ પામે. વળી આવર્ત (ગોળાકાર) ચોતરફ સુજેલ અને મુખ આગળ સંકુચિત હોય એવા ડંખથી પણ મરણ જ નીપજે. કેશના અંતે, મસ્તકે, ભાલમાં ભૃગુટીની વચ્ચે, આંખે, કાને, નાકના અગ્રભાગે, હોઠમાં, દાઢીવાળા ભાગે, કંઠમાં, સ્કંધમાં, હૃદયમાં, સ્તનમાં, કાખ, નાભિપદ્મ, લિંગ, સાંધા પર, ગુદા અને હાથપગના તળિયે જો ડશ્યો હોય તો પણ જરૂર મરણ થાય.”*

* નોટ–આ બનાવો ખાસ ધ્યાનમાં રાખવા લાયક હોવાથી અહીં ઉધ્ધૃત કર્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્તવનત્રિકનો સાર.

લેખક-ચોકસી.

યોગીરાજ આનંદઘનજીના નામે સ્તવન ચોવીશીમાં છેલ્લા બે તીર્થપતિઓના સ્તવન તરિકે જુદા જુદા સારગર્ભિત ત્રણ ત્રણ સ્તવનો દૃષ્ટિ-ગોચર થાય છે. જો કે એમાં પણ દ્રવ્યાનુ-યોગની ગહન ચર્ચા નજરે તો પડે છે છતાં પૂર્વેના સ્તવનોમાં જે આધ્યાત્મિક ભાવ રમણ કરતો ઊડીને આંખે વળગે છે, એ દ્વારા મુમુક્ષુ આત્મા પગલે પગલે નવિનતાનો સાક્ષાત્કાર કરતો આત્મસાક્ષાત્કાર કરવારૂપ કાર્યમાં આગળ પ્રગતિ સાધે છે તેવું કંઇ ખાસ આમાં જણાતું નથી. એક કરતાં વધુ સ્તવનોની રચના જ સાબિતી આપે છે કે ભલે એ એમના નામે ચઢ્યા હોય છતાં કર્ત્તા અવશ્ય ભિન્ન હોવા જોઇએ. અહીં પણ ચોવીશીનો ક્રમ ન તૂટે એ દૃષ્ટિએ એ પર ઊડતી વિચારણા કરી લઇએ.

(૧) ધ્રુવપદરામી હો સ્વામિ માહરા-નામના સ્તવનમાં કર્ત્તાએ પાર્શ્વનાથ ભગવંતમાં નિશ્ચય પદ એવું જે સિદ્ધપણું તેના રમણહાર, કામ-કંદર્પના અભિલાષ રહિત તેથી નિષ્કામી, કેવલ-જ્ઞાન યુક્ત હોવાથી સુજ્ઞાની, આદિ ગુણોનો વાસ છે તેને યાદ કરી જે સમ્યગ્દૃષ્ટિ જીવો એ પુરુ-ષાદાણી પ્રભુની ઉપાસના કરે છે તે તેવા પ્રકા-રના નિશ્ચય ગુણો પ્રાપ્ત કરે છે એમ જણાવ્યું છે. બીજી કડીમાં 'ઇશ્વર સર્વવ્યાપી છે' એ વાતની ચર્ચા કરી છે અને ઇતર દર્શન કરતાં જૈન દર્શન એ બાબતમાં કેવું મંતવ્ય ધરાવે છે તે નિમ્ન ગાથાઓમાં સુંદર રીતે સાબિત કરી બતાવ્યું છે.

સર્વવ્યાપી કહે, સર્વ જાણંગપણે,
પર પરિણમન સરૂપ, સુગ્યાની;
પરરૂપે કરી તત્ત્વપણું નહી,
સ્વસત્તા ચિદ્‌રુપ. સુગ્યાની (૨)

જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા,
જલ ભાજન રવિ જેમ, સુગ્યાની.
દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા,
નિજપદ રમતા હો એમ. સુગ્યાની (૩)

પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે,
પરક્ષેત્રે થયું જ્ઞાન, સુગ્યાની.
અસ્તિપણું નિજક્ષેત્રે તમે કહ્યું,
નિર્મળતા ગુણમાન. સુગ્યાની. (૪)

જ્ઞાનમાં સ્વભાવે નિર્મળતા છે તેથી તેમાં સર્વ દ્રવ્ય દર્પણની જેમ ભાસે છે, પરંતુ જ્ઞાનક્ષેત્રમાં જ્ઞેય જતાં નથી અને જ્ઞેયમાં જ્ઞાન જતું નથી. એ દૃષ્ટિયે જૈન દર્શનમાં પરમેશ્વરનું સર્વવ્યાપી-પણું છે. વાદી શંકા કરે છે કે જાણવા લાયક ઘટ, પટ આદિ પદાર્થો નાશ પામતા જ્ઞાન પણ નાશ પામે છે એટલે તે જ્ઞાન વિનાશી ધર્મવાળું કહેવાય. એને ઉત્તર આપતાં આગળની ગાથા-ઓમાં ઉત્પાદ, વ્યયરુપ પરિણમન અને સ્વસત્તા-રૂપ ધર્મની વ્યાખ્યા કરી અગુરુલઘુભાવનું સ્વ-રૂપ સમજાવી જરા પણ વિરોધ નથી આવતો એમ દેખાડે છે અને અંતમાં પ્રાર્થના કરતા કહે છે કે-

હે પાર્શ્વજિન, આપ તો પારસમણિ સમાન છો. પારસમણિનો સ્પર્શ થતાં જ લોઢું સુવર્ણપણાને પામે છે તો આપનાં અનંતજ્ઞાનાદિ ગુણરૂપ રસ, સત્તારૂપે મારામાં પણ રહેલા છે એનો આવિર્ભાવ કરાવવામાં નિમિત્તભૂત થઇ આ આત્માને આપ સરખો બનાવવામાં પારસમણિ સમ ભાગ ભજવો.

× × × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસજિન તાહરા રૂપનું,
મુજ પ્રતિભાસ કેમ હોય રે?
તુજ મુજ સત્તા એકતા,
અચલ વિમલ અકળ જોય રે.

એ સ્તવનમાં પરમાત્મપ્રભુમાં રમેલા ગુણોની આત્મામાં સત્તાગત રહેલા ગુણો સાથે તુલના કરે છે; અને નિશ્ચય તથા વ્યવહાર નયથી એનો સમન્વય સાધે છે એ માટે ઉદાહરણરૂપ નિમ્ન કડીઓ વિચારણીય છે.

બંધ મોખ નહીં નિશ્ચયે,
વ્યવહારેં ભજ દોય રે;
અખંડિત અબાધિત સોય કદા,
નિત અબાધિત સોય રે. (૩)

આતમતા પરમાત્મતા,
શુધ્ધ નય ભેદ ન એક રે;
અવર આરોપિત ધર્મ છે,
તેહના ભેદ અનેક રે. (૫)

અંતમાં :જણાવે છે કે-

આતમ ધરમ અનુસરી,
રમે જે આતમરામ રે;
આનંદઘન પદવી લહે,
પરમ આતમ તસ નામ રે. (૭)

× × × ×

ત્રીજા સ્તવન 'પ્રણમું પદપંકજ પાર્શ્વના, જસ વાસના અગમ અનૂપ રે'માં આત્માનું શુધ્ધ સ્વરૂપ ટૂંકામાં મુદ્દાસર વર્ણવ્યું છે. અધ્યાત્મસુખ પોષવા સારું ત્રિવિધ અવંચક યોગ પર ભાર મૂકી શંકા ને ખેદ આદિ દોષને દૂર કરવાનું તથા ભાવનાને ધારણ કરવાનું કહ્યું છે, એ માટેના શબ્દો આ રહ્યાઃ-

દુરદશા દૂરે ટળે,
ભજે મુદિતા મૈત્રીભાવ રે;
વરતે નિત્ય ચિત્ત મધ્યસ્થતા,
કરૂણામય શુધ્ધ સ્વભાવ રે. (૩)

નિજ સ્વભાવ સ્થિર કર ધરે,
ન કરે પુદ્‌ગલની ખંચ રે;
સાખી હુઇ વરતે સદા,
ન કદા પરભાવ પ્રપંચ રે. (૪)

× × × ×

નિજ ગુણ સબ નિજમાં લખે,
ન ચખે પરગુણની રેખ રે;
ખીર નીર વિવરો કરે,
એ અનુભવ હંસ સુપેખ રે. (૬)

નિર્વિકલ્પ ધ્યેય અનુભવે,
અનુભવ અનુભવની પ્રીત રે;
ઓર ન કબહું લખી શકે,
આનંદ પ્રિત પ્રતીત રે. (૭)

ઉપરના ત્રણે સ્તવનોમાં આનંદઘનજી નામ છે, છતાં ચોવીશીમાં જે ક્રમ એકવીશ સ્તવન સુધી જળવાયેલો નયનપથમાં આવે છે તેવો આમાં નથી. અલબત્ત, વિષય તો દ્રવ્યાનુયોગનો જ લીધો છે. વિચારણામાં અધ્યાત્મનો મુદ્દો વીસરવામાં પણ નથી આવ્યો છતાં આલેખન પધ્ધતિ પરથી એમ લાગ્યા વિના નથી રહેતું કે એ કૃતિઓ યોગીરાજ લાભાનંદજી ઊર્ફે આનંદઘનજીની નથી જ. તત્ત્વ તો જ્ઞાની જાણે; બાકી એક કરતાં વધુ સ્તવનો છેલ્લા બે તીર્થપતિઓના નામે રજૂ થાય છે એ વસ્તુ ભિન્ન કર્તૃત્વપણું પુરવાર કરવામાં સહાયક બને છે. અલં પ્રાસંગિકેન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુભાષિત વચનામૃતો

લેખક : મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

૧. જૈન ધર્માભિલાષીઓએ સ્વોન્નતિને માટે ધર્મપ્રયાસ કરતા રહેવું.

૨. માતાપિતા શિખામણ આપે તો પ્રેમથી શ્રવણ કરવી. જનનિજનક સામું ઉદ્ધતાઇનું વેણ વદવું નહિં. માત-પિતાની નિંદા કરનાર દુઃખી થાય છે.

૩. ધર્મના ગુરુમહારાજની તો સ્વપ્નમાં પણ નિંદા ન થાય તેમ વર્ત્તવું. કહેવત છે કે (**गुरुनिंदा कुलक्षय**) "ગુરુની નિંદા" કુળનો ક્ષય કરે છે.

૪. ગુરુ, માતપિતાની જે નિંદા કરે છે તે અતિદુઃખ ભોગવી જિંદગી દુઃખમાં ગાળી પરભવમાં નરકગામી થાય છે. અને ઉભય લોકમાં અતિ આપદા ભોગવે છે.

૫. માણસોને નાનપણની અવસ્થા વિદ્યા ઉપાર્જન માટે છે, કારણ કે જે માણસે પ્રથમ વયમાં વિદ્યાધન પ્રાપ્ત કર્યું નથી તે અન્ય ત્રણ વયમાં શું કરનાર છે? માણસોની અવસ્થાના ચાર ભાગ-અવયવ છે. તેમાં "**प्रथमे नोपार्जिता विद्या, द्वितीये नोपार्जितं धनम; तृतये नोपार्जिता कीर्त्ति-श्चतुर्थे किं करिष्यति ?**" (જે માણસે પ્રથમ વયમાં વિદ્યા, બીજી વયમાં ધન, ત્રીજી વયમાં કીર્ત્તિ પ્રાપ્ત કરી નથી તે ચોથી અવસ્થામાં શું પ્રાપ્ત કરનાર છે; બલકે તેણે ફોગટ જન્મ ગુમાવ્યો.)

૬. અભ્યાસ કરવામાં હિંમત હારવી નહિ. સંકટ સહન કરીને પણ વિદ્યા સંપાદન કરવી.

૭. પોતાનો નેકટેક, ઇમાનદારી જાળવવા હંમેશ યત્ન કરવો.

૮. કીર્ત્તિને કલંકિત કરનારાં, શાસ્ત્રવિરુધ્ધ કાર્યો ન કરવાં.

૯. મીઠું બોલી સર્વની સાથે સમાન દૃષ્ટિએ વર્ત્તવું.

૧૦. સ્વમુખે ગુણોનું ગાન કરી પરોક્ષે આપણા અવગુણો ગાઇ, માનહાનિ કરે તેવાને જાન જતાં પણ સ્વમિત્ર ન કરવો.

૧૧. ગ્રંથોમાં કહ્યું છે કે–**मित्र एसा कीजीए जेसे शिरके बाल । काटे कटावे पिछु कटे तोये न छोडे ख्याल ॥**

૧૨. સ્વભાવે ગંભીર, શાંત, દીર્ઘદૃષ્ટિ, નીતિવાન, ધૈર્યવાન, ધર્મબુધ્ધિમાન, કપટરહિત એવા મિત્ર કરવા.

૧૩. જૈન જુવાનીયા મિત્રોએ ધર્મની કેળવણી સારી રીતે લેવી અને જૈનધર્મનાં પુસ્તકો જરૂર વાંચવા માટે ગીતાર્થ ગુરુ કરીને જૈન ધર્મનું જ્ઞાન લેવું.

૧૪. જૈન માતાપિતાએ છોકરાંને નાનપણમાંથી સદાચાર શીખવવો.

૧૫. એકલું ગુજરાતી તથા ઇંગ્લિશ ભાષાનું જ્ઞાન છોકરાઓને આપવાથી ઉત્તરકાળમાં છોકરાઓને ધર્મ ઉપર શ્રધ્ધા રહેતી નથી અને મિથ્યાત્વી બની જાય છે, તેથી વિવેકહીન, ધર્મહીન બની જાય છે; ધર્મોન્નતિ કરી શકતા નથી માટે અન્ય ભાષા ભણતાં પણ ધર્મ કેળવણીની પ્રથમ જરૂર છે.

૧૬. હાલના વખતમાં ઇંગ્લિશ વિદ્યા જુવાન છોકરાઓના કોમળ હૃદયપંકજમાં નિવાસીભૂત થયેલી વિશેષ જણાય છે. તે "ભાષા" સ્વગુણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચારિત્રસેવનની દુષ્કરતા અને નારકયાતનના અસરકારક વર્ણનને સૂચવતું માતા-પિતાના સંવાદરૂપે

# શ્રી મૃગાપુત્ર ચરિત્ર.

લે. મુનિશ્રી પુણ્યવિજય. [ સંવિજ્ઞપાક્ષિક ]

( ગતાંક પૃષ્ઠ ૪૨ થી શરૂ )

હે પુત્ર ! વળી સાધુધર્મમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એવા ચારે પ્રકારના આહારમાં રાત્રિભોજનની વર્જના કરવી તેમ કોઇ પણ સંનિધિ–ભેળું કરી રાખવું તથા સંચય-સંગ્રહ એ બે વર્જવા અતિ દુષ્કર છે.

વળી હે પુત્ર ! ક્ષુધા, તૃષા તથા શીત, ઉષ્ણ અને ડાંસ–મચ્છરની વેદના, આક્રોશ, દુઃખશય્યા–સુવાનું કષ્ટ, તૃણસ્પર્શ–સંથારાના તૃણ ખૂંચે તેનું દુઃખ અને મળપરિષહ આ બધું સાધુએ સહન કરવું પડે છે.

વળી કોઇ તાડના કરે તેમ તર્જના કરે–તરછોડે તથા વધ અને બંધના પરિષહો સહન કરવાના, વળી દુઃખરૂપ નિર્દોષ ભિક્ષાચર્યા તથા યાચના કરવી છતાં કંઇ ન મળે તો દુઃખ ન લગાડવું એ પણ દુષ્કર છે.

હે પુત્ર ! સાધુધર્મને વિષે કાપોત વૃત્તિ રાખવી–પારેવાના જેવી વૃત્તિ રાખવી પડે છે. વળી દુઃખદ કેશનો લોચ અને ઘોર–અતિ કઠિન બ્રહ્મચર્યનું વ્રત મહાત્મા–સાધુએ ધારણ કરવું–યથાવત્ પાળવું એ અતિ દુષ્કર છે.

---

ગંધ ફેલાવી, અધર્મ માર્ગાનુગામી કરવાને ધર્મ-ધારણા ખસાવી નાંખે છે; માટે તે સાથે અવશ્ય ધર્મવિદ્યાનું જ્ઞાન છોકરાંઓને ખાસ આપવું.

૧૭. સારમાં સાર, ધનમાં ધન, નીતિમાં નીતિ, પ્રિયમાં પ્રિય, સત્યમાં સત્ય એક ધર્મ જ છે. સાંસારિક વસ્તુઓ ક્ષણિક છે. ધર્મ અક્ષય ને શાશ્વત છે, તેથી માતાપિતાઓએ બાળકોને તે જ્ઞાન સર્વદા આપવું.

૧૮. મરણ શરણ થતાં પણ ધર્મ સહાયી બની રક્ષણ કરે છે. ઉપાર્જિત ધનો, ભૂમિનાં આશ્રિત બને છે. પશુઓ ગોષ્ઠ રંગમાં રહી જાય છે.

૧૯. જ્ઞાનથી સત્ય જણાય છે, ભક્ષ્ય અભક્ષ્ય વસ્તુનું જ્ઞાન થતાં અભક્ષ્યનો ત્યાગ થાય છે. તે જ્ઞાનનો પ્રતાપ છે.

૨૦. નાની વયમાંથી છોકરાંઓને તથા છોકરીઓને પરણાવવાં નહિ. શાસ્ત્રોક્ત વિવાહ-કાલે તેઓનાં શુભ લગ્ન કરવનાં અર્થાત્ બાળ-લગ્નનો કુરિવાજ દૂર કરવો.

૨૧. કજીયો કરી રાજ્યદરબારે જવું નહિ કારણ " જે જાય દરબાર, તેનું જાય ઘરબાર."

૨૨. જોગીજાત સાથે વૈર બાંધવું નહિ.

૨૩. જે મુનિ થઇને ક્રોધ કરે તે ચંડાલ જાણવો. જેમ પશુને વિષે ચંડાલ ગર્દભ છે, પક્ષીને વિષે ચંડાલ વાયસ છે પણ સર્વથકી નામ દઇ નિંદા કરનાર મહાચંડાળ જાણવો.

૨૪. દાનને વિષે, તપને વિષે, પરાક્રમને વિષે, વિજ્ઞાનને વિષે, વિનયને વિષે, ન્યાયને વિષે ચાતુર્યપણું દેખીને સર્વથા વિસ્મય ન થવું, કારણ કે પૃથ્વી તો એવા રત્નોથી ભરેલી છે.

૨૫. એક હજાર મિથ્યાદષ્ટિથી એક સમકિતી અને એક હજાર સમકિતીથી એકવ્રતધારી શ્રાવક ઉત્કૃષ્ટ જાણવો.

—ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે પુત્ર ! તું સુખોચિત-સુખ ભોગવવા લાયક છો તેમજ સુકુમાર શરીરવાળો તથા સારી રીતે સ્નાન કરનારો છો તેથી હે પુત્ર ! તું સાધુધર્મનું અનુપાલન કરવા સમર્થ થઇશ નહિ.

હે પુત્ર ! જે ગુણોનો મોટો ભાર એટલે ચારિત્રમાં મૂલગુણો તથા ઉત્તરગુણો કહ્યા છે તે મોટા લોઢાના ભાર જેવો બહુ બોજાવાળો હોઈ અત્યંત દુર્વહ-વહન કરવો કઠિન છે; કેમકે તે યાવજ્જીવ-જીવિત પર્યંત વિશ્રામ રહિત ઉઠાવવાનો છે. મોટો ભાર કયાંક ઉતારી વિસામો લેવાય, પણ આ ચારિત્રભાર તો જીવિત પર્યંત ધરી રાખવાનો છે.

હે પુત્ર ! આકાશમાં જેવો ગંગાસ્રોત દુસ્તર છે તથા જેમ અન્ય નદીમાં પ્રતિસ્રોત-સામે પૂરે તરવું જેમ દુષ્કર છે અને બાહુવડે સાગર તરી જવો દુષ્કર છે તેવો આ ગુણોનાં સમુદ્રરૂપ સાધુધર્મ તરવો અતિ દુષ્કર છે.

હે પુત્ર ! વેળુના કોળીયા ખાવા જેમ સ્વાદ રહિત હોય તેમ સંયમ પાળવો એ પણ દુષ્કર છે અને અસિ-તલવારની ધાર ઉપર ચાલવા જેવું તપશ્ચરણ કરવું એ પણ દુષ્કર છે.

હે પુત્ર ! દુશ્ચર-દુઃખે આચરી શકાય તેવા ચારિત્રમાર્ગમાં સર્પની પેઠે એકાગ્ર દૃષ્ટિ રાખીને ચાલવાનું છે અને જેમ લોઢાના જવ ચાવવા કઠિન છે તેમ આ ચારિત્ર પણ આચરવું અતિ દુષ્કર છે.

હે પુત્ર ! જેમ અગ્નિની જ્વાળા પીવી બહુ દુષ્કર હોય છે તેવી જ રીતે તારુણ્ય યુવાવસ્થામાં જે શ્રામણ્ય-સાધુપણું આચરવું દુષ્કર છે.

હે જાયા ! જેમ વસ્ત્રના કોથળાને વાયુથી ભરવાનું દુષ્કર હોય છે, તેમ હીનસત્ત્વ પુરુષે શ્રમણત્વ-ચારિત્ર પાળવું દુષ્કર છે.

હે પુત્ર ! જેમ મેરુપર્વત ત્રાજવાવડે તોળવો દુષ્કર છે તેવી રીતે નિશ્ચળપણે તથા નિઃશંકપણે શરીરની અપેક્ષા ન રાખતા સાધુત્વ પાળવું દુષ્કર છે.

હે પુત્ર ! જેમ બે ભુજાવડે સમુદ્ર તરવો કઠિન છે તેવી જ રીતે આ દમરૂપી સાગર અનુપશાંત પુરુષે તરવો દુષ્કર છે; એટલે ઇંદ્રિયો વશ નથી કરી અને કષાય જેણે જીત્યા નથી એવા પુરુષને દમરૂપી સાગર તરવો દુઃશકય છે.

હે જાયા ! તું મનુષ્ય સંબંધી પાંચ પ્રકારના ભોગોને ભોગવ અને તે પછી ભોગવ્યા છે ભોગો જેણે એવો થઇ પછી ધર્મનું આચરણ શ્રમણત્વ અંગીકાર કરજે.

ત્યારપછી મૃગાપુત્ર બોલે છે કે હે માતાપિતા ! તમે જેમ સ્ફુટપણે પ્રવ્રજ્યાનું દુષ્કરપણું કહ્યું તે એમ જ છે. જરા ય અસત્ય નથી, તો પણ આ લોકને વિષે તૃષ્ણા રહિત નિઃસ્પૃહ થયેલા પુરુષને કંઈ પણ પણ દુષ્કર નથી જે સ્પૃહાવાળો હોય તેને પરિગ્રહ ત્યાગ કરવો દુષ્કર જ છે, પણ નિરીહ જનને સાધુધર્મ સુકર જ થાય છે, તો હું નિઃસ્પૃહ-મમત્વ વિનાનો હોવાથી મારે તો સુખેથી સાધુધર્મ પાળી શકાશે.

હે માતાપિતા ! મેં અનંત વાર શરીરની તથા મનની ભયંકર વેદનાઓ સહી છે, તથા અનેક વાર ભયાનક દુઃખો તથા વિવિધ પ્રકારના ભય પણ સહન કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે માતાપિતા! આ ચાતુરંત એટલે દેવ, મનુષ્ય, તિર્યંક્ તથા નારકરૂપ ભવ છે જેના એવા જન્મ તથા મરણરૂપી અરણ્ય સરખા આ સંસારમાં મેં ભયાનક જન્મો તથા મરણ કર્યા છે.

હે માતાપિતા! જે નરકોને વિષે હું ઉત્પન્ન થયેલો તે નરકોમાં મેં અહીં મનુષ્યલોકના અગ્નિની ઉષ્ણતા કરતાં અનંત ગુણી ઊની સ્પર્શેન્દ્રિયને અતિ દુઃખ દેનારી અશાતા વેદના ભોગવી છે. અહીં જેવી શીત–ટાઢ તેના કરતાં ત્યાં નરકમાં અનંત ગુણી ટાઢની દુઃખપ્રદ વેદનાઓ અનુભવી છે.

હે માતાપિતા! આક્રંદ કરતો ઊંચા પગ અને નીચે મસ્તક રહે એવી રીતે ભાંડ તથા લોઢાની કોઠીઓમાં બળતા અગ્નિ ઉપર હું અનંતવાર પૂર્વે પકાયો છું અર્થાત્ એ કોઠીઓમાં ઘણી વખત રંધાણો છું.

હે માતાપિતા! મોટા દાવાનળ જેવા હીરાકણી જેવી વેળુ હોય છે તેવી રેતીમાં હું પૂર્વે ચણા અને ધાન્યની જેમ ભૂંજાયો છું.

હે માતાપિતા! લોઢાની રાંધવાની મોટી કોઠીઓમાં રાડો પાડતો તથા કેવળ અશરણ, બંધુ વિનાનો, વૃક્ષની શાખામાં બાંધેલો કરવત તથા ક્રકચવડે હું અનંતવાર પૂર્વે છેદાયો છું.

હે માતાપિતા! અતિ તિક્ષ્ણ કંટકોથી વ્યાપ્ત એવા શાલ્મલીવૃક્ષ ઉપર મને પરમાધામીદેવોએ પાશથી બાંધીને ફેંકેલા અને તે દેવોથી કરાતી ખેંચતાણવડે દુઃસહ દુઃખ અનુભવેલ છે.

હે માતાપિતા! વળી પાપકર્મોનો કરનાર એવો હું ઘણીવાર પોતાના જ કર્મોના ફળરૂપે મહાયંત્રોમાં જેમ શેલડી ચીચોડામાં પીલાય છે, તેમ અત્યંત ભયાનક રાડો–ચીસો પાડી બૂમરાણ નાખતો પીલાણો છું.

હે માતાપિતા! હું બૂમો પાડતો જ હોઉં અને વરાહ તથા કૂતરાના રૂપ ધારણ કરનારા શ્યામ તથા શબલ નામના પરમધાર્મિક દેવોએ અનેકવાર મને ભૂમિ ઉપર પાડ્યો છે, ફાડ્યો છે, છેદ્યો છે અને હું તરફડ્યો છું.

હે માતાપિતા! મારા પાપકર્મોવડે પ્રેરાયેલો તે નરકોમાં અતસીના પુષ્પ જેવા શ્યામવર્ણવાળી તરવારોવડે તથા ત્રિશૂળ ભાલાવડે છેદાણો છું, ભેદાણો છું, ટુકડે ટુકડા કરાણો છું.

હે માતાપિતા! તે નરકમાં લોઢાના રથમાં પરવશ બનેલા એવા મને પરમાધામીઓએ અગ્નિથી જાજ્વલ્યમાન બે સમેલમાં અને નાથમાં રાશ પરોવી અગ્ર આરવાળા પરોણાવડે પ્રેરણા કરી હાંકેલ છે અને પછી રોઝની પેઠે લાકડીઓ મારી પૃથ્વી ઉપર મને પાડી નાંખવામાં આવ્યો છે.

હે માતાપિતા! વળી હું પાપકર્મોથી વીંટાયલો એવો હું જાજ્વલ્યમાન અગ્નિમાં બળ્યો છું–ભસ્મરૂપ થયો છું. રીંગણાં વિગેરેની પેઠે મારૂં ભડથું કરવામાં આવેલ છે. અને પરવશ બનેલો ચિતામાં પાડાને બાળે તેમ બળ્યો અને જેમ પાપી પુરુષો પશુને બાંધીને અગ્નિમાં ભડથું કરે છે, તેમ હું એ પરમાધામી દેવોએ વિકુર્વેલા ચિતાના અગ્નિમાં બાળી અગ્નિમાં રંધાયેલો છું.

હે અમ્માતાય! સાણસી સમાન કઠોર મુખવાળા તથા લોહ સદૃશ ચાંચોવાળા ઢંક તથા ગીધ પક્ષીઓથી વિલાપ કરતો અનંતવાર ચુંથાયેલો છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે માતાપિતા ! વળી હું તૃષાનો માર્યો દોડતો વૈતરણી નદીએ પહોંચ્યો. ત્યાં જઈને "હવે જલપાન કરૂં" આમ વિચાર કરૂં છું, ત્યાં તો વૈતરણી નદીના તરંગો ઉછળીને મારા પર પડ્યા. તે સજાયાના જેવી ધારવાળા, ગળું કાપી નાંખે તેવા હોવાથી એ મોજાંના આઘાતથી હું બહુ દુઃખી થયો.

હે માતાપિતા ! તડકાના તાપથી તપ્ત થયેલો હું છાયાની આશાએ તલવારની ધાર જેવા જેના પાંદડા હોય તેવા અસિપત્ર નામના મહાવનમાં સંપ્રાપ્ત થયો, ત્યાં તો મારા ઉપર પડતા તલવાર જેવા પત્રોવડે હું અનેકવાર પૂર્વે કપાણો છું, છેદાયો છું, મારા કટકા થયા છે.

હે માતપિતા ! ગાત્રોને ભાંગી નાંખે એવા મુદ્દગરોવડે, ભુશંડીઓવડે, શૂલોવડે તથા મુસલોવડે બચવાની આશા છોડીને અનંતવાર હું દુઃખ પામ્યો છું.

હે અમ્માતાય ! હું વાળ મુંડવાના અસ્ત્રાઓવડે તીક્ષ્ણ ધારવાળી છુરીઓવડે અને કાતરોવડે કપાયો છું, તેમજ વસ્ત્રની પેઠે ફડાયો છું તથા છુરીઓવડે કાકડીની પેઠે છેદાયો છું અને શરીરની ચામડી ઉતરડી નાંખી ચીરાયો છું; એમ અનેકવાર કદર્થિત થયો છું.

હે માતાપિતા ! વળી હું વારંવાર મૃગ જેમ પરવશ હોય તેવો પરાધીન બની પાસલાવડે તથા કપટયુક્ત જાળો પાથરેલીમાં ઠગાયો છું, બંધાણો છું, કયાંય ન જવાય તેમ રૂંધાણો છું અને મરાણો છું.

હે માતાપિતા ! માછલાં પકડવાના પાસલાઓવડે તથા મગરજાળોવડે મત્સ્યની પેઠે ગળે બંધાણો છું. મકરરૂપધારી પરમાધામીઓએ બલાત્કારથી મને પકડીને ચીર્યો છે, ફાડયો છે તથા અનંતવાર ગધેડાની પેઠે કૂટયો પણ છે. —ચાલુ

## "કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય"

"-મહારાજની જયંતીનું ગીત."

(મથુરામાં ખેલ ખેલી આવ્યા-એ રાગ)

શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ, વંદન વાર હજાર.
ગામ ધંધુકામાંહી જન્મ તમે પામ્યા,
કાર્તિક પુનમ ઉજમાળ. વંદન વાર હજાર.
માતપિતાના તમે મન હરખાવ્યા,
ચંગ નામ શુભ ધાર. વંદન વાર હજાર.
વિદ્યાસાગરમાં ગંભીર અપારા,
યોગ્ય સૂરિપદે વર્યા. વંદન વાર હજાર.
હેમચંદ્રસૂરિજીની કીર્ત્તિ પ્રસરી,
ગુર્જર દેશમાં ગવાય. વંદન વાર હજાર.
કુમારપાળ જીન ધર્મ બનાયા,
સૂરિજીની વાણી અમોઘ. વંદન વાર હજાર.
અદ્દભુત સાહિત્ય અપૂર્વ રચના,
જૈનોમાં છે મશહુર. વંદન વાર હજાર.
આચાર્ય દેવે ઝંડો ફરકાવ્યો,
શાસનનો મહિમા ઉજવાય. વંદન વાર હજાર.
ગુર્જર દેશમાં પાટણ નયરે,
પુન્ય સ્મૃતિ દેખાય. વંદન વાર હજાર.
શ્રી હેમચંદ્રાચાર્યના પુન્યપસાયે,
"લક્ષ્મીસાગર" ગુણ ગાય. વંદન વાર હજાર.

કર્ત્તા, મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમર આશા.

લેખકઃ-કનૈયાલાલ જ. રાવળ બી. એ.

જીવનસંગ્રામમાં, જીવનની વિષમતાઓમાં, તડકાછાંયામાં અને અજ્ઞાનના અંધકારમાં એક આશાબીજના માર્ગદર્શને માનવ જીવી રહ્યો છે. એક આશાના કિરણથી માનવ આ જીવનના ઝંઝાવાતો સામે ટક્કર ઝીલી રહ્યો છે. આ આશાની ઝાંખી તેના પગમાં જોમ પૂરી રહી છે.

આશાની ભરતી મનુષ્યજીવનને આનંદને હેલારે ચડાવે છે; કારણ કે આશામાં મીઠાશ છે; આશામાં જીવનનાં એંધાણ છે. કારણ આશા એ ધ્રુવતારક છે. સાગરઝુલંતા નાવિકને એ દિશાનું સૂચન કરે છે.

આશા માણસને ઉન્નતગામી બનાવે છે; માનવ આત્માને પ્રફુલ્લતાની આંબાડાળે ઝુલાવે છે; હૃદયને આભઊંચેરો આદર્શ બતાવે છે. જ્યારે નિરાશા ડુંગરખીણના નીચાણમાં મનુષ્યને ધકેલી દે છે; મૃત્યુનાં ઓછાયા પ્રસારે છે.

જીવન એટલે અંધકાર પ્રકાશની સંતાકૂકડી, આશાનિરાશાની સ્પર્ધા, સુખ અને દુઃખની આવજા, કડવાશ-મીઠાશનું મિશ્રણ; આનંદ ને શોકનો સંભાર.

આશાના એંધાણે નીકળેલો માણસ શેનો સ્વીકાર કરશે ? આશાકિરણ નાનું છે એટલે તે અંધારામાં અટવાઇ જાય છે; આશાબિન્દુનો આધાર ભૂલી જાય છે. તે જીવનના કળણમાં, અંધાધુંધીમાં, ઉપાધિઓમાં, અટવામણમાં ગુંચવાઇ જાય છે.

ત્યારે તેની રગેરગમાં નિરાશાનું શોણિત ધમસાણ મચાવી મૂકે છે, તેના અંગેઅંગમાં નિર્વેદ વ્યાપી રહે છે; હિંમતના રહ્યાંસહ્યાં અંશને ય તિલાંજલી આપે છે; તેનો ઉત્સાહ મંદ ગતિનો બની સ્તબ્ધ થાય છે; ત્યારે તેના જીવનમાં રસ, રસિકતા, રસવૃત્તિ કે ઉલ્લાસની આછીપાતળી રેખા ય ઉઘડતી લાગતી નથી; સર્વત્ર શૂન્યકાર ભાસે છે; જગત વસમું થઇ પડે છે; યમદૂતનાં દાંતિયાંના દર્શન પણ પામી ચૂકે છે; અને કમભાગ્ય હોય કે આયખું આવી રહ્યું હોય તો જીવનદોરી કાપી નાખતા રજમાત્ર પણ તે ખંચકાતો નથી.

આ માણમને એક આશાકિરણ મળી આવે તો ? તેનાં અધીરા હૃદયને આશા ચીંધી હોય તો ?

તો ભાંગેલ હૃદયથી સાંધ પૂરાય. તેના દેહમાં પ્રાણનો સંચાર થાય; પ્રેરણાનું ઝરણું ફૂટી નીકળે; તે કલ્પનાની પાંખે ચડી આવી પડેલું દુઃખ અળગું કરી આનંદપર્યટનની સહેલગાહે નીકળી પડે ને જીવનની મોઝ માણી જાણે.

જગતમાં નિરાશાના ભંડારો અભરેભર્યા છે; નિરાશાના સાયરોના મોઝાંઓ કાંઠે આવી ભયાનકતાથી ગર્જના કરી અથડાય છે; કેક કાંઠે રહેલા કાચાપોચા ખડકોના કચ્ચરઘાણ નીકળી જાય છે. કોક અડગ સાહસિક હિંમતબાજ ખડક તેનાં બળપછાડા બળહીન બનાવી નકામા કરી નાખે છે. તેને જ જીવવાનો હક મળે છે.

નિરાશાથી અશ્રધ્ધાના ઘોડાપૂર અફાટ વિસ્તારથી ફરી વળે છે. ઇશ્વરતત્વની આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિછાન, પરમતત્વનું થોડું શું જ્ઞાન, જગન્નિયંતાના અનંત ઉપકારો ઓસરી જાય છે. આત્મા અજ્ઞેયવાદની ગર્તામાં ગબડી પડે છે.

પરંતુ માણસ સમજી શકે કે 'કંઇ લાખો નિરાશામાં અમર આશા છૂપાઇ છે?' આઘાતોના અનેક ધ્રુજારા પછી સ્ફૂરણાનો એક કંપ જ માણસને નિદ્રામાંથી જાગ્રત કરે છે. આશા એ જડી–બુટ્ટી બને છે. જીવનના ચડયા ઝેર પળવારમાં ઉતારીને અમૃતરસનું પયપાન કરાવે છે. ઇશ્વરની અલૌકિક શક્તિનો પરચો અપાવે છે. ઓસરી જતા વિશ્વાસને દૃઢતર બનાવે છે અને અપાર પ્રગતિને કર્તવ્યને રસ્તે ચડાવી દે છે. અનેક મુશ્કેલીઓ પર સેતુ રચી ધાર્યું કામ પરિપૂર્ણ કરે છે.

નિરાશાવાદી માણસ તો કાયરની જેમ મૃત્યુ આવતાં પહેલો જ હજારોવાર મૃત્યુને ભેટી ચૂકે છે. આશાવંતના જીવનમાં મૃત્યું એકજ વાર આવે છે.

આશાવંત થનારે ધીરજને કેળવવી પડશે; નિરાશાની અવધ પૂરી થતાં સુધી દૃઢ ચિત્ત રાખવું જોઇએ; આશાની ઝીણી સેરને ધ્યાન બહાર જવા ન દેવી જોઇએ. એ ઝાંખા દીવડાના પ્રકાશના પંથેથી જરાય પણ પદચ્યુત ન થવું જોઇએ. આશાની અમર જ્યોતિ પ્રત્યે એકીટશે નીરખી કાર્યમાં મશગુલ બનવું જોઇએ.

એક કવિ કહે છે કે 'આપણે જીવીએ છીએ માત્ર આશાથી, પ્રશસ્તિથી અને પ્રેમથી.'

આશાની મધુરતા–પ્રસન્નતા જો જીવનમાં ન ભળે તો ખારાશ વ્યાપી રહે છે.

માણસને આ હૈયા ઉકલત હોવી જોઇએ. અંધકારના ગર્ભમાંથી પ્રકાશની ટશર ફૂટતી જોઇ શકાય છે. નિરાશાના પુંજમાં આશાનું એક બિન્દુ જોઇ શકાય છે. દુઃખના દરિયાવમાં સુખની નૌકાને હલેસા મારતી નીરખી શકાય છે.

મનુષ્ય શું ન કરી શકે? જડતામાંથી પ્રાણ પામી શકે છે, વૃક્ષમાંથી વાચા સાંભળી શકે છે, ખળખળ વહેતા ઝરણામાંથી અગાધ તત્વજ્ઞાનનો સાર મેળવી શકે છે: પત્થરમાંથી ઉપદેશનાં ફળ મેળવે છે.

આમ નિરાશામાં પણ આશાની શ્રદ્ધા રાખનારો માણસ જીવનમાં દુઃખી થતો નથી. વેડફાઇ જતી જિન્દગીને સુધારી બચાવી લે છે. એક આશા જ્યોતને પ્રકાશે એ આગેકદમ બઢાવે છે.

નિરાશા પોતે દર્દભરી નથી પણ નિરાશાની આપણી કલ્પના દર્દભરી છે.

માટે જ આશાદીપકમાં પાવળું પાવળું તેલ પૂરી તેની વાટ સંકોરતા રહેજો. નિરાશા પ્રત્યે નિગાહ ન ફેંકતા. મુશ્કેલીઓના ખાલી કલ્પના નાફડા ઉભા ન કરતા.

આશાના એંધાણ પ્રતિ કદમ મિલાવજો.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## પંજાબ સમાચાર.

### શીઆલકોટમાં ૭૨ મો જન્મદિવસોત્સવ.



**આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ.**

શીઆલકોટ જેવી સખ્ત ભૂમિમાં આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્ય-પ્રશિષ્ય પંન્યાસ શ્રી સમુદ્રવિજયજી આદિ મુનિમંડળી સહિત બિરાજમાન હોવાથી **જૈન-અજૈન** જનતા ઉપર જે મહદ્ ઉપકાર થયેલ છે તેનો બદલો કોઇ રીતે પણ વાળી શકાય એમ નથી.

કા. સુ. ૨ તા. ૨૨-૧૦-૪૧ બુધવારે આચાર્યશ્રીજીનો ૭૨મો જન્મદિવસ મહોત્સવ શીઆલકોટની **જૈન-અજૈન** જનતાએ ઘણા જ ઉત્સાહ-ઉમંગ અને સમારોહથી ઉજવી પોતાનું અહોભાગ્ય માન્યું.

સવારના સાડાસાત વાગ્યે શ્રી આત્માનંદ **જૈન** ભવનમાં જમ્મુશહેરનિવાસી બાબુ ઉદયચંદજી **જૈન**, રિટાયર્ડ પોલીસ ઇન્સપેકટરની અધ્યક્ષતામાં જાહેર સભા ભરવામાં આવી. શીઆલકોટ, નારોવાલ, શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ-ગુજરાંવાલાની ભજન મંડળીઓએ અવસરોચિત ગુરુસ્તુતિના ગાયનોથી સભાને ચકિત કરી દીધી હતી.

ક્ષત્રિયાણી બહેન કર્મદેવીએ આચાર્યશ્રીજીના ઉપર પાંચ રૂપિયાથી વારણા કર્યા હતા. મુનિ શ્રી વીરવિજયજી મહારાજ, બાબુ શેરીલાલજી જૈન બી. એ., પંડિત શ્રીમાન્ હંસરાજજી શાસ્ત્રી, ગુજરાંવાલાથી આવેલ શુફી મહમદદીન મૌલવીના સુંદર ભાષણો થયા અને આચાર્યશ્રીજીના જીવન સંબંધી સારો પ્રકાશ નાંખ્યો. સભામાં હિન્દુ, મુસલમાન, શીખ, સનાતની, આર્યસમાજી વિગેરે સર્વે કોમોની હાજરી ખાસ આકર્ષક હતી, ૧૧॥ વાગે જયનાદોની સાથે મોદકોની પ્રભાવના લઇ સભા વિસર્જન થઈ.

બપોરે પૂજા સમારોહથી ભણાવવામાં આવી અને ગરિબોને શીરાનું જમણ આપવામાં આવ્યું હતું. સેંકડો ગરિબ ભાઇઓ પેટપૂર્ણ ભોજન કરી આશીર્વાદ આપતા જતા હતા.

રાતના કનકમંડીમાં ગુરુદ્વારા પાસે ખુલ્લા મેદાનમાં લાલા ગોપાલશાહજી જૈન હકીમની અધ્યક્ષતામાં વિરાટ સભા ભરવામાં આવી. ભજનમંડળીઓના મનોહર ભજનો અને પંડિત શ્રી હંસરાજજી શાસ્ત્રીનું વિદ્વત્તાભર્યું ભાષણ થયું. માણસોની મેદની ખૂબ જામી હતી. ૧૧॥ વાગે જયકારોની સાથે સભા વિસર્જન થઈ.

આ શુભ પ્રસંગે ગુજરાંવાલા, નારોવાલ, લાહોર જહેલમ, જમ્મુ આદિના ભાવિકો લાભ લેવા પધાર્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહારથી પધારેલા મેમાનોને જમણ રાયસાહેબ લાલા કર્મચંદજી અગ્રવાલ ઓનરરી માજીસ્ટ્રેટના તરફથી આપવામાં આવેલ હતું.

ગુજરાત, પંજાબ, મારવાડ, બંગાલ આદિ ખુશાલીના અભિનંદનના તારો અને પત્રો આવ્યા હતા. તેના બદલામાં ગુરુદેવ આચાર્યશ્રીજીના તરફથી તારો અને પત્ર પાઠવનારા સર્વે મહાનુભાવોને ધર્મલાભની સાથે સાનંદ ધર્મધ્યાનમાં વિશેષ ઉદ્યમ રાખવા ફરમાવવામાં આવેલ છે.

---

## જન્મમહોત્સવ.

ગઇ કાર્તિક શુદિ ૨ ના રોજ પ્રાતઃસ્મરણીય પંજાબકેસરી જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો ૭૨ મો જન્મમહોત્સવ શ્રી આત્માનંદ જૈન સભા, અંબાલા તરફથી લાલા મંગતરામજીના પ્રમુખપદે સમારોહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. શ્રી આત્માનંદ જૈન મિડલસ્કૂલના વિદ્યાર્થીઓના સુંદર ભજન અને વિદ્વાનોના સારગર્ભિત ભાષણોદ્વારા આચાર્યશ્રીજીના જીવન પર સારો પ્રકાશ પાડ્યો હતો.

---

## શ્રી આત્માનંદ જૈન સભા–મુંબઇ જનરલ સભા.

ઉપરોક્ત સભાના સભ્યોની તેમજ સભા પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારાઓની જનરલ સભા આસો સુદ ૩ મંગળવાર તા. ૨૩-૯-૪૧ રાત્રિના શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરીના પ્રમુખસ્થાને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફિસમાં મળી હતી. મંત્રી શ્રી વાડીલાલ જેઠાલાલ શાહે સભાનું બંધારણ આખું વાંચી સંભળાવ્યું હતું અને સુધારાવધારા થયા બાદ સર્વાનુમતે બંધારણ પાસ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ચાલુ વર્ષ માટે કાર્યવાહક સમિતિની નીચે મુજબ ચુંટણી કરવામાં આવી હતી.

શેઠ સકરચંદ મોતીલાલ. પ્રમુખ
શેઠ રણછોડભાઈ રાયચંદ ઝવેરી. ઉપપ્રમુખ
શ્રી. ફૂલચંદભાઇ શામજી. ખજાનચી
શ્રી. હીરાભાઈ રામચંદ મલબારી } મંત્રીઓ
શ્રી. વાડીલાલ જેઠાલાલ શાહ
રા. સા. શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ જે. પી. સભ્ય
શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીયા સોલી. ,,
શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી ,,
શ્રી. શાંતિલાલ મગનલાલ શાહ ,,
શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન ,,
શ્રી. નરોતમદાસ ભગવાનદાસ શાહ ,,

ત્યારબાદ મંત્રીએ શ્રી ફૂલચંદ હરિચંદ દોશીનો આવેલ પત્ર રજૂ કર્યો હતો. અને જે બુક તેઓ બહાર પાડવાના છે તેનાં પ્રકાશક તરિકે સભાનું નામ આપવા માટે નક્કી કરવામાં આવ્યું હતું.

લી૦ હીરાભાઈ રામચંદ મલબારી
વાડીલાલ જેઠાલાલ શાહ. મંત્રીઓ.

---

## સ્કોલરશીપ આપવાનો મેળાવડો.

ચાલુ વર્ષની મુંબઇ યુનિવર્સિટીની મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં જૈન વિદ્યાર્થીનીઓમાં પ્રથમ આવનાર **બહેન ધૈર્યબાળા છગનલાલ પારેખને** શ્રીમતી લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી વિદ્યાર્થીની સ્કોલરશીપના રૂા. ૧૦૦) શ્રી મહાવીર વિદ્યાલયની વતી એનાયત કરવાનો મેળાવડો કાર્તિક શુદિ ૧૧ ના રોજ અત્રેના બે ગૃહસ્થોના નામની આમંત્રણપત્રિકા પ્રગટ કરી યોજવામાં આવ્યો હતો. સદરહુ મેળાવડાના પ્રમુખસ્થાને માજીરાજ ગર્લ્સ હાઇસ્કૂલના લેડી સુપ્રીન્ટેન્ડેન્ટ બિરાજ્યા હતા. તેમના હસ્તે બહેન ધૈર્યબાળાને સ્કોલરશીપ અર્પણ કરવામાં આવી હતી. આ રીતે શ્રી મહાવીર વિદ્યાલયને સોંપાયેલ બહેન લીલાવતી સ્કોલરશીપ હવે પછી જે જે ગામ યા શહેરમાં આવી રીતે ઉંચે નંબરે જે પાસ

For Private And Personal Use Only

# સ્વીકાર અને સમાલોચના

**શ્રી સિદ્ધાંત બોલસંગ્રહ ભાગ બીજો**

( છઠ્ઠા અને સાતમા બોલ ) સંગ્રાહક ભૈરોદાન શેઠીયા, પ્રકાશક અગરચંદ ભૈરોદાન શેઠીયા. જૈન પારમાર્થિક સંસ્થા–બીકાનેર, કિંમત દોઢ રૂપિયો. જુદા જુદા ચુમાલીશ આગમો અને ગ્રંથોમાંથી ઉધ્ધૃત કરી આ બોલ સંગ્રહ તૈયાર કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં આવેલા વિષયોની અકારાદિ અનુક્રમણિકા પ્રથમ આપવામાં આવેલ હોવાથી કોઈપણ વિષય જોવા પઠન કરનારને સરલતા કરી આપેલ છે. આ અને આનો પ્રથમ ભાગ બંને તત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુઓને ખાસ ઉપયોગી થાય તે રીતે તૈયાર કરવામાં આવેલ છે. પ્રકાશક સંસ્થાનો વહીવટ કમિટીદ્વારા ચાલતો હોવાથી ઉપજ–ખર્ચ, કાર્યવાહી વગેરેનો રિપોર્ટ પણ સાથે આપેલ છે. આ પ્રણાલિકા યોગ્ય છે. પ્રકાશકને ત્યાંથી મળશે.

---

થાય તેમને આ વર્ષથી આ રીતે મેલાવડો કરી આપવાની શ્રી મહાવીર વિદ્યાલયે કરેલી શરૂઆત આવકારદાયક છે.

અત્રેની જૈન સમાજને પણ ધૈર્યબાળા બહેન પ્રથમ નંબરે પાસ થયાનો પ્રથમ પ્રસંગ હોવાથી ખુશી થવા જેવું છે, તેથી કેળવણીના ઉત્તેજનાર્થે સમાજે પણ કોઈ પ્રકારે આનંદ વ્યક્ત કરવાની જરૂરીયાત હતી એમ અમો માનીએ છીએ. નહિં તો છેવટ જે જે ગામમાં આવી રીતે યુનિવર્સિટીની પરીક્ષામાં કોઇ બંધુ કે બહેન પ્રથમ નંબરે પસાર થાય ત્યાં ત્યાં નાની મોટી જે કોઇ સંસ્થા હોય તેણે તો આવા કેળવણીના ઉત્તેજનનાં જેટલાં કાર્યો થતાં હોય ત્યાં તેને માટે આનંદ જાહેર કરવો કે અભિનંદન વિ. આપવાનું ઓછાવધતા પ્રમાણમાં કંઇ કરવું જ જોઇએ; કારણ કે શિક્ષણ એ સર્વમાન્ય અને પ્રથમ ધ્યેય છે.

---

**પૃથ્વીચંદ અને ગુણસાગર** (અથવા એકવીશ ભવનો સ્નેહસંબંધ ) લેખક મણિલાલ ન્યાલચંદ શાહ. પ્રકાશક **મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ** અમદાવાદ ( દોશીવાડાની પોળ ). પંડિત શ્રી રૂપવિજયજી ગણિવરરચિત કાવ્ય ઉપરથી આ ચરિત્રગ્રંથ લેખકે તૈયાર કરેલો છે. સાદી, સરલ ભાષામાં સંકલિત આ ચરિત્ર સુંદર હોવા સાથે તેમાં આવતી આવાંતર કથાઓ પણ રસિક અને બોધક છે. પ્રકાશક નાગરદાસ મહેતા હાલમાં ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવી જૈન કથા–ચરિત્રો જે પ્રગટ કરે છે તે અવશ્ય ઉત્તેજનને પાત્ર છે. કિંમત ત્રણ રૂપિયા. પ્રકાશકને ત્યાંથી મળશે.

---

**વિદ્યાર્થી વાંચનમાળા** પ્રથમ શ્રેણી. કિંમત બે રૂપિયા. આ પ્રથમ શ્રેણીમાં શ્રીરામથી શ્રી રવીન્દ્રનાથ ઠાકુર સુધી દરેક ધર્મના મહાપુરુષોના ચરિત્રો સંક્ષિપ્તમાં સાદી અને સરલ ગુજરાતી ભાષામાં આપવામાં આવ્યા છે. તેના લેખક ધીરજલાલ ટોકરશી શાહ છે. આ વાંચનમાળા બાળકો વિદ્યાર્થીઓ માટે ઉપયોગી હોવા સાથે તેમના જીવનના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે તેમ છે. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ભાઇ શંભુલાલ જગશી અમદાવાદ તેના પ્રકાશક છે. તેમણે બાળકો માટેના ટૂંકા અને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુબોધક વાંચન માટે પ્રકટ કરેલી આ વાંચનમાળાની શ્રેણી આવકારદાયક છે. પ્રકાશકને ત્યાંથી મળશે.

**રિપોર્ટ**-શ્રી મહાવીર **જૈન** વિદ્યાલયનો છવીશમો રિપોર્ટ-પ્રકટકર્ત્તા અનુમતિથી મોતીચંદ ગિરધરલાલ કાપડીયા. શેઠ ચંદુલાલ સારાભાઇ મોદી, હિંદની કેળવણીને ઉત્તેજન આપનારી સંસ્થામાં આ વિદ્યાલય મુખ્ય અને અજોડ છે. દરેક રીતે મદદને પાત્ર છે. કાર્યવાહી રિપોર્ટ વાંચતા વ્યવસ્થિત છે.

શ્રી **સિદ્ધક્ષેત્ર જૈન** બાળાશ્રમનો પાંત્રીશમો રિપોર્ટ સં. ૧૯૯૬નો મળ્યો છે.

**ચૌદ રત્નો** લેખક અને પ્રકાશક આપા ભાઉ મગદૂમ રાષ્ટ્રભાષાકોવિદ્-વીર ગ્રંથમાળા—સાંગલી (દક્ષિણ) શ્રી વીર ગ્રંથમાળાનું તેના પ્રકાશક લેખક દિગંબરી જૈન બંધુ છે. આ પુષ્પમાં ૧૭ આચાર્યોના ટુંકા ચરિત્ર મરાઠી ભાષામાં લખેલા છે. આ ભાષા ગુજરાતમાં પ્રચલિત નથી. દક્ષિણ હિંદ માટે તે સમાજના બાળકો માટે ઉપયોગી છે. કિંમત છ આના. પ્રકાશકને ત્યાંથી મળશે.

**શ્રી શાન્તિનાથ મહારાજકી પૂજા**-યોજક, મુનિ **શિવવિજયજી** (પંજાબી) (આત્મ-વલ્લભશિવ પુષ્પ નં. ૧) પ્રકાશક, લાલા શાદીલાલ વિમલચંદ જૈન દુગડ ગુજરાંનવાલા પંજાબ (કિંમત એક આનો) હિંદી ભાષામાં રચાયેલી આ પૂજા સરલ ને પ્રભુભક્તિ માટે ઉપયોગી છે. પ્રકાશકને ત્યાંથી મળશે.

**રાણો પ્રતાપ**-(નાટક) અનુવાદક ઝવેરચંદ મેઘાણી-પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય શંભુલાલ જગશી-અમદાવાદ, કિંમત દોઢ રૂપિયો પ્રકાશક મૂળ કર્ત્તા દ્વિજિન્દ્રલાલ રોયનો બંગાળી ભાષાની કૃતિનો અનુવાદ છે. સાક્ષર શ્રી મેઘાણીના હાથે થયેલ તેનો ગુજરાતી અનુવાદ સુંદર અને રોચક ભાષામાં લખાયેલ છે. ભાઇ શંભુલાલ આવા આવા કથાચરિત્ર, નાટકો, વિગેરેના સુંદર ગ્રંથોનું પ્રકાશન કરી સાહિત્યસેવા કરે છે. આ ગ્રંથ ખાસ વાંચવા જેવો છે. પ્રકાશકને ત્યાંથી મળશે.

## શ્રી દ્રવ્ય સપ્તતિકા ભાષાંતર.

શ્રી દ્રવ્યસપ્તતિકા ગ્રંથનું ભાષાંતર પુસ્તકાકારે તૈયાર છે. પૂ. સાધુ મહારાજ તથા પૂ. સાધ્વીજીને 'પત્ર લખી જણાવવા માત્રથી' ભેટ આપવાનું છે. ગૃહસ્થોને પોસ્ટ ખર્ચના પાંચ આના મોકલવાથી ભેટ આપવાનું છે. પુસ્તક અતિ પ્રમાણિક અને દળદાર છે જેઓને ખપ હોય તેઓએ શ્રી શાંતિનાથજી જૈન દહેરાસરજીની પેઢી મુ. બીલીમોરા ઠે. નવાપુરા (જી. સુરત) એ સરનામે લખવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧. શેઠ શાંતિલાલ હીરાલાલ | મુંબઇ | લાઇફ મેમ્બર. |
| ૨. શેઠ કાંતિલાલ હીરાલાલ | ,, | ,, |
| ૩. શાહ હીરાલાલ જુઠાભાઇ | ભાવનગર, હાલ મુંબઈ | ,, |
| ૪. શાહ હીરાચંદ મગનલાલ | ,, ,, | ,, |

# શ્રી વાસુપૂજ્ય ( પ્રભુ ) ચરિત્ર.

### ( શ્રી વર્ધમાનસૂરિકૃત. )

૫૪૭૪ શ્લોકપ્રમાણ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્ધમાનસૂરિજીએ સં. ૧૨૯૯ ની સાલમાં** લખેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વશક્તિ અદ્ભુત છે, તે તેમાં આવેલ સર્વ પ્રકારના રસોની પરિપૂર્ણતા જ બતાવી આપે છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ભાષાંતર છે. છે. ઊંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોમાં છપાયેલ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકિકતોના વર્ણનો સાથે પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહ્લાદક કથાઓ આપેલી છે, કે જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચવા મન લલચાય છે અને પૂરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપર ગ્રાહ્ય અને સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે. પ્રભુના ત્રણ ભવોના–જીવનના નહિ પ્રગટ થયેલ જાણવા જેવાં અનેક પ્રસંગો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુએ સ્થળે સ્થળે વિચરી આપેલ વિવિધ વિષયો ઉપર આદરણીય દેશનાઓ એ તમામ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

એકંદરે આ ચરિત્ર પહેલેથી છેલ્લે સુધી મનનપૂર્વક વાંચવા જેવું અને પઠનપાઠનમાં નિરંતર ઉપયોગ કરવા યોગ્ય છે, જેને માટે વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જેવું છે.

**કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.**

( આ ગ્રંથ માટે મુનિમહારાજાઓ વગેરેના જે સુંદર અભિપ્રાયો મળે છે તેની નોંધ માસિકમાં આપવામાં આવે છે. )

## ભાઇ રતનશી હઠીચંદનો સ્વર્ગવાસ.

ભાઇ રતનશી થોડા દિવસની બિમારી ભોગવી, ગયા આસો વદિ ૧૧ ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે મિલનસાર અને ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળા હતા. તેઓ આ સભાના ઘણા વખતથી સભ્ય હતા. તેઓના કુટુંબને દિલાસો દેવા સાથે સ્વર્ગસ્થના આત્માને પરમશાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

| | |
|---|---|
| ૧. શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂા. ૧–૧૨–૦ |
| ૨. શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | રૂા. ૨—૦–૦ |
| ૩. સદર ભાગ ૨ જો. | રૂા. ૨—૮–૦ |
| ૪. શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂા. ૧–૧૨–૦ |
| ૫. શ્રી મહાવીર ચરિત્ર. | રૂા. ૩—૦–૦ |
| ૬. શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂા. ૨—૮–૦ |
| | રૂા. ૧૩—૮–૦ |

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધાં લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત ( રૂા. ૨–૦–૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવશે.

## ગુજરાતી ગ્રંથો.

**નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્‌લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.**

| | | | |
|---|---|---|---|
| (૧) શ્રી ચંપકમાળા ચરિત્ર | રૂા. ૦–૮–૦ | (૯) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) | રૂા. ૧–૦–૦ |
| (૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી | રૂા. ૧–૦–૦ | (૧૦) શ્રી પ્રભાવક ચરિત્ર | રૂા. ૨–૮–૦ |
| (૩) શ્રી ઉપદેશ સપ્તતિકા | રૂા. ૧–૦–૦ | (૧૧) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત સાદું પૂંઠું | રૂા. ૧–૪–૦ |
| (૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | રૂા. ૧–૦–૦ | ,, રેશમી પૂંઠું | રૂા. ૨–૦–૦ |
| (૫) આદર્શ જૈન સ્ત્રીરત્નો | રૂા. ૧–૦–૦ | (૧૨) સતી સુરસુંદરી ચરિત્ર | રૂા. ૧–૮–૦ |
| (૬) શ્રી દાનપ્રદીપ | રૂા. ૩–૦–૦ | (૧૩) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | રૂા. ૦–૨–૦ |
| (૭) કુમારપાળ પ્રતિબોધ | રૂા. ૩-૧૨-૦ | (૧૪) ,, સોળમો ઉદ્ધાર | રૂા. ૦–૪–૦ |
| (૮) જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨–૦–૦ | (૧૫) શ્રી તીર્થંકર ચરિત્ર | રૂા. ૦-૧૦-૦ |

## કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨–૦–૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે. જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વ વિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬–૦–૦. પોસ્ટેજ જુદું.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું—ભાવનગર )

For Private And Personal Use Only